
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્માનંદ પ્રકાશ



-: પ્રકાશક :-

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર

પુસ્તક : ૬૪
વીર સં. ૨૪૯૩
આત્મ સં. ૭૦

અંક : ૨
વિ. સં. ૨૦૨૩
માગસર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | વિષય | લેખકનું નામ | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ | શુભેચ્છા | ... મુકુંદરાય પારાશર્ય | ૧૭ |
| ૨ | મનનો મહિમા | ... સંચિત | ૧૮ |
| ૩ | મૌન એકાદશી | ... મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૯ |
| ૪ | સોક્રેટિસ-સ્થિતપ્રજ્ઞ | ... ક્લીફટન્ ફલેડીમન્ | ૨૩ |
| ૫ | સ્યાદ્વાદ-અનેકાંતવાદ અને આપેક્ષવાદ | ... રતિલાલ મફાભાઇ | ૨૬ |
| ૬ | જીવન અને મૃત્યુ | ... ફત્તેહચંદ ઝવેરભાઇ | ૩૦ |
| ૭ | કલિકાલ સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યજીની જીવન ઝરમર | ... મુનિશ્રી ન્યાયવિજયજી | ૩૫ |



## આ સભાના નવા લાઈફ મેમ્બર

પારેખ વિનયચંદ ત્રિભુવનદાસ-ભાવનગર
શાહ ચંદ્રકાન્ત શાન્તિલાલ- ,,
મહેતા રમેશચંદ્ર મનસુખલાલ-મુંબઈ
શાહ જયતિલાલ કુંવરજી-ભાવનગર
શાહ અમુલખ શામજી-ભાવનગર

## સ્વર્ગવાસ નોંધ

ભાવનગર નિવાસી (હાલ અમદાવાદ) ફોટોગ્રાફર રતિલાલ પ્રભુદાસ શાહ સંવત ૨૦૨૩ના કારતક વદિ ૩ ગુરૂવાર તા. ૧-૧૨-૬૬ના રોજ ૬૫ વર્ષની ઉંમરે અમદાવાદ મુકામે સ્વર્ગવાસી થયા છે. તેની નોંધ લેતા અમે ઘણીજ દિલગીરી અનુભવીએ છીએ તેઓશ્રી સ્વભાવે મીલનસાર અને ધર્મપ્રેમી હતા. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાશ્વત શાંતિ આપે એજ અભ્યર્થના.



## ભાડે આપવાનું છે.

ભાવનગર ખારગેટ-દાઊદજીની હવેલી પાસે સભાનું એક ચાર માળનું મકાન આવેલ છે આ મકાનનો ત્રીજો-ચોથો માળ ભાડે આપવાનો છે. ભાડે રાખવા ઇચ્છનાર ભાઇઓએ નીચેના સ્થળે મળવું.

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના નવા માનવંતા પેટ્રન



શ્રી સુખલાલભાઈ રાજપાળ શાહ વીમાવાળા–મુંબઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સુખલાલભાઈ રાજપાળ શાહ

## વીમાવાળા-મુંબઈ

(સંક્ષિપ્ત જીવનવૃત્તાંત)

શ્રી સુખલાલભાઈનો જન્મ મોરબીમાં તા. ૧૪-૧૦-૧૯૦૩ના રોજ શ્રી રાજપાળ ફૂલચંદભાઈ શાહને ત્યાં શ્રીમતી જમનાબેનની કુક્ષિએ થયો હતો. શ્રી રાજપાળભાઈ આજથી લગભગ પોણોસો વર્ષ પહેલાં મોરબીથી ધંધા અર્થે મુંબઈ આવ્યા હતા અને તેમના કાકા શ્રી હરખચંદભાઈ સાથે વીમાના ધંધામાં જોડાયા હતા. શ્રી સુખલાલભાઈ પણ પોતાના પિતાશ્રી સાથે તે જ ધંધામાં જોડાયા અને પ્રામાણિક અને સેવાભાવી ધંધાર્થી તરીકે પ્રતિષ્ઠા મેળવી. પ્રામાણિકતા એ તેમનું જીવનસૂત્ર છે. તેમણે ધંધો ખૂબ વિકસાવ્યો છે, ઘણા ક્લેઈમો સુંદર રીતે પતાવ્યા છે અને ગ્રાહકોનો ખૂબ ચાહ મેળવ્યો છે.

તેમનું જીવન સેવાભાવી છે. તેઓ તેમની જ્ઞાતિના 'શ્રી મચ્છુકાંઠા વીશા શ્રીમાળી જ્ઞાતિ જૈન મંડળનાં સ્થાપકોમાંના એક છે. જ્ઞાતિમાં કે સંબંધીઓમાં કોઈને દુઃખ પડયું હોય તો તન, મન, ધનથી પોતે બનતી સહાય કરી છૂટે છે અને ભાંગ્યાના ભેરૂ જેવા છે. જ્ઞાતિનાં મંડળોને નાની મોટી સખાવાતો ચાલુ આપ્યા કરે છે.

શ્રી સુખલાલભાઈમાં અમદાવાદવાળા શેઠશ્રી સારાભાઈ હઠીસંગના સહવાસમાં આવ્યા પછી ધાર્મિકતાનાં બીજ રોપાયાં છે. તેમણે અનેક તીર્થોની યાત્રાઓ કરી છે. પાલીતાણા સિદ્ધગિરિની યાત્રા દર વર્ષે કરે છે.

તેમનાં ધર્મપત્ની શ્રીમતી હેમકોરબેન પણ ધાર્મિક વૃત્તિનાં છે. તેમણે બે વખત ઉપધાન પૂ. આ. શ્રી વિજયધર્મસૂરિજીની નિશ્રામાં વાલકેશ્વરમાં કર્યાં છે અને વીશ વર્ષથી અઠ્ઠમ તપ કરે છે.

શ્રી સુખલાલભાઈને છ પુત્રો અને પાંચ પુત્રીઓનો પરિવાર છે. પુત્રો શ્રી મુગટલાલભાઈ, મૂળરાજભાઈ ઉર્ફે લીટલભાઈ, ચંદ્રવદનભાઈ, જીતેંદ્રભાઈ, હરેશભાઈ તથા શરદભાઈ એ સૌ શ્રી સુખલાલભાઈ સાથે વીમાના ધંધામાં જોડાયેલા છે. પુત્રીઓમાં તપસ્વી શ્રી વિમળાબેન, ચંદ્રાવતીબેન, અલકાબેન બી.એ. મૃદુલાબેન તથા મીના બેન છે.

શ્રી સુખલાલભાઈ જ્ઞાતિનાં તથા સમાજનાં કામોમાં યથાશક્તિ દાનો આપતા રહે છે અને પોતે સમાધાન પ્રિય હોઈ તેમની ગૂંચોને પણ પાર પાડતા રહે છે. જૈન ગુરૂકુળ, સિદ્ધક્ષેત્ર બાળાશ્રમ તથા બોડેલીમાં આજીવન સભ્ય છે.

શ્રી સુખલાલભાઈ આ સભાના આજીવન સભ્ય હતા. તેમણે પેટ્રન થવાનું સ્વીકારી અમને આભારી કર્યા છે. તેઓ દીર્ઘાયુષી થાય અને અનેક શુભ કાર્યો કરતા રહે તેવી શ્રી શાસનદેવ શક્તિ આપે તેમ પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠશ્રી સુંદરલાલ મૂળચંદભાઈ કાપડીઆ

(સંક્ષિપ્ત જીવનવૃત્તાંત)

શેઠશ્રી સુંદરલાલભાઇ જામનગરની વીશા ઓશવાલ જ્ઞાતિના છે. તેમનો જન્મ શેઠશ્રી મૂળચંદભાઇ હીરાચંદ કાપડીઆને ત્યાં મુંબઇમાં શ્રીમતી રતનબેનની કુક્ષિએ સં. ૧૯૬૫ના માગશર શુદિ સાતમના રોજ થયો હતો. માતાપિતા ધર્મપ્રેમી હતા. શેઠશ્રી મૂળચંદભાઈ પોતાની ૮૨ વર્ષની વૃદ્ધવયે પણ દરરોજ પાયધુની ઉપરના મહાવીરસ્વામીના દેરાસરમાં પૂજા કરતા. આ દેરાસરમાં તેમણે શ્રી શાંતિનાથ પ્રભુજીની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી હતી. તેઓ સેવાભાવી પણ હતા. તેઓ મહાવીર જૈન વિદ્યાલય અને પાલીતાણા જૈન ગુરુકુલના પેટ્રન હતા. શ્રીમતી રતનબેન પણ ધર્મધ્યાનમાં ખાસ વૃત્તિ ધરાવતાં તેમણે વર્ષીતપ, અઠ્ઠાઇ વગેરે તપ કરેલાં. શેઠશ્રી સુંદરલાલભાઇમાં આ ઉપરથી નાનપણમાં જ ધર્મવૃત્તિનાં બીજ વવાયેલાં.

શેઠશ્રી સુંદરલાલભાઇ પોતાના પિતાના કાપડના વેપારમાં જોડાયા અને ધીમે ધીમે ધંધો ખૂબ વિકસાવ્યો. વળી. જેમ જેમ લક્ષ્મી આવતી ગઈ, તેમ તેમ તેનો સદ્વ્યય પણ કરતા ગયા. ધર્મપ્રેમ હતો એટલે સહકુટુંબ સમેતશિખર. ગિરનાર, સિદ્ધાચળ, મારવાડ પંચ તીર્થી, કેશરીઆજી, તારંગાજી વગેરે તીર્થોની યાત્રાઓ કરી છે તેમનાં ધર્મપત્ની શ્રીમતી કાંતાબેન પણ ધાર્મિક વૃત્તિનાં છે. તેમણે વીશ સ્થાનક ઓળી, સિદ્ધિતપ, જ્ઞાનપાંચમ, બાવન જિનાલય તપ, ઉપવાસ વગેરે તપસ્યાઓ કરેલી છે

શેઠ સુંદરલાલભાઇ સમાજસેવાના કાર્યમાં રસ લે છે. તેઓ જામનગર વીશા ઓશવાલ કેળવણી ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી છે. તેમજ તે સંસ્થાને સારી રીતે આર્થિક સહાય આપેલી છે. દર વર્ષે રૂ. પાંચ હજાર સારાં કાર્યોમાં વાપરે છે તે ઉપરાંત કેટલું ગુપ્તદાન પણ કરે છે

તેઓશ્રીને બે પુત્રો શ્રી ચંદ્રકાંતભાઇ બી.એ. શ્રી પ્રફુલ્લભાઈ બી કોમ. તથા ત્રણ પુત્રીઓ શ્રી નીતાબેન બી.એ. શ્રી ઉષાબેન બી.એસ.સી. તથા શ્રી ભારતીબેન માઇક્રો-બાયોલોજીનો અભ્યાસ કરે છે. આમ કુટુંબ સારી રીતે કેળવાયેલું છે. ઉચ્ચ કેળવણીની સાથે સાથે ધાર્મિક અભ્યાસ પણ તે સૌએ કરેલો છે. શેઠશ્રી સુંદરલાલભાઇ પોતાનાં પુત્રપુત્રીઓમાં ધર્મભાવના ખીલતી રહે તે માટે ખાસ પ્રયત્નશીલ રહે છે.

આવા એક ધર્મપ્રેમી સદ્ગૃહસ્થ આ સભાના પેટ્રન થયા છે. તે બાબત અમે તેમનો આભાર માનીએ છીએ; અને આનંદ વ્યક્ત કરીએ છીએ. તેઓ દીર્ઘાયુષી થાય અને ધર્મ તથા સમાજસેવાનાં કાર્યો કરતા રહે એજ શુભ ભાવના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના નવા માનવંતા પેટ્રન



શેઠશ્રી સુંદરલાલભાઇ મૂળચંદ કાપડીઆ–મુંબઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૬૪ ] ડીસેમ્બર ૧૯૬૬ [ અંક ૨

## શુભેચ્છા

ટોડે ટોડે મૃદુ ટમકતી જ્યોતનાં કોડિયાં હો,
માંગલ્યોનાં સફલ સુખનાં આંગણે સાથિયા હો.
ભાવિ ઉજ્જવલ ઝીલી રહ્યાં તોરણો બારણે હો,
પ્રાતઃ પદ્મો લલિત ગ્રહતી હંસ શી વૃત્તિઓ હો.

આત્માનંદે પ્રાત હૃદયમાં જ્યોત પ્ર-જ્ઞાનની હો.
ધર્માર્થીમાં દઢ પ્રતિપદે સિદ્ધિઓ સત્યથી હો.
આત્મ સ્તૃપ્તિ થકી પ્રકટતી સર્વ સદ્ભાવના હો.
ને વિશ્વાન્તર્ગત સકલની શ્રેયસં સ્થાપના હો.

પ્રાતઃ કાલે નવલ વરસે એટલી પ્રાર્થના કે
વર્ષે વર્ષે વરદ વિભુની આશિષો વર્ષજો એ

મુકુંદરાય પારાશર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મનનો મહિમા

મનુષ્ય જીવનમાં સૌથી મહત્ત્વનું બળ તેનું મન છે. માનવમન તે માનવના સર્વ સુખદુઃખનું કારણ છે. માનવીના વૈયક્તિક સુખદુઃખનો, સમાજ અને રાષ્ટ્રના સુખદુઃખનો તેમજ સમસ્ત માનવજાતિના સુખદુઃખનો આધાર મનના શુભ કે અશુભ સંકલ્પ ઉપર છે. યજુર્વેદમાં પ્રાર્થના છે કે तन्मे मनः शिव-संकल्पमस्तु તે મારૂં મન શિવ-શુભ સંકલ્પવાળું હો !

બુદ્ધ ભગવાને પણ સર્વે પદાર્થોમાં મનને શ્રેષ્ઠ કહ્યો અને પદાર્થોને મનોમય કહ્યા; તેથી પ્રદુષ્ટ મનનો જીવનવ્યવહાર દુઃખનું કારણ અને પ્રસન્ન મનનો જીવનવ્યવહાર સુખનું કારણ બને છે એવો ઉપદેશ આપ્યો.

અહિંસા એજ પરમ ધર્મ છે એવો ઉપદેશ આપનાર શ્રવણ ભગવાન મહાવીર આત્મૌપમ્યના પાયા ઉપર–પોતાના મનને જે સુખદુઃખ થાય તે બીજાને પણ થાય એવી સરખામણીના પાયા ઉપર–અહિંસાધર્મને ઉપદેશે છે.

આચારાંગ સૂત્ર જૈનધર્મનો પ્રમાણભૂત એવો સૌથી પ્રાચીન ગ્રંથ છે. તેમાં ભગવાન મહાવીર ઉપદેશે છે કે

**संधि लोयस्स जाणित्ता, आयओ बहिया पास, तम्हा न हंता न विघायए।**

લોકોનો સંબંધ જાણી (આચરણ કરવું) પોતાના આત્માની જેમ બહાર જો. તો પછી કોઈને હણશે નહીં, કોઈનો વિઘાત થશે નહીં !

આ ઉપદેશમાં અહિંસાની પ્રેરણા માણસના મનમાં મૂકી છે માણસ પોતાના તરફ જૂએ પોતાનો ઘાત થાય તે પોતાને ગમે ? ન ગમે ! હવે બહાર જૂઓ. જગતમાં પોતાનાં જેવાં બીજાં મનુષ્યો અને પ્રાણીઓ છે. તેમના આત્માને પણ તેમની હિંસા થાય તો ગમે ! ન ગમે ! આમ સર્વ પ્રાણીઓની આત્મસમતા અવધારી હિંસામાંથી નિવૃત્ત થવાનો ઉપદેશ છે.

માણસની એક પ્રકારની મનોવૃત્તિ તેને હિંસા તરફ પ્રેરે છે. **जीवो जीवस्य भक्षणं** જીવનું ભક્ષણ જીવ છે એ સાહજિક મનોવૃત્તિ છે, તો માણસ અહિંસા તરફ કેમ વળી શકે ? એની બીજી સહજિક વૃત્તિની પ્રેરણાથી જ માણસથી સાચા અહિંસક બની શકાય. એ બીજી સાહજિક વૃત્તિ તે પોતાને–પોતાના મનને શું થાય છે, પોતાને શું ગમે છે, શું ઈષ્ટ છે તે જોવું તે. એ જોવાય તો–અર્થાત્ મનમાં પ્રત્યક્ષ થાય, એ દુઃખનું સ્મરણ થાય તો–એ સાહજિક વૃત્તિ બીજા ઉપર દુઃખ નાંખતા પાછી ફરે. અને એ રીતે અહિંસા પણ સાહજિક બને. આ તત્ત્વને ભગવાન મહાવીર પ્રકટ કરે છેઃ **जमिणं अन्नमन्नं विइगिच्छाए, पडिलेहाए न करेइ पावं कम्म** એકબીજા તરફના વિચારને લઈને માણસ પાપકર્મ કરતો નથી. (સંચિત)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મૌન એકાદશી

લેખક : મનસુખલાલ તારાચંદ મહેતા

શૌર્યપુરનગરમાં સમૃદ્ધિદત્ત નામના ધનવાન શ્રેષ્ઠિને પ્રીતિમતી નામે પત્ની હતી. તેની કૂક્ષીમાં એક બાળક જન્મ લેતાં પ્રીતિમતીને તપ-જપ-વ્રત કરવાના દોહદ ઉત્પન્ન થવા લાગ્યા. બાળકના જન્મ સમયે તેની નાળ દાટવાનાં સ્થળેથી વિપુલ ધનની પ્રાપ્ત થઈ. આ રીતે બાળક મહા ભાગ્યવાન હતો અને જન્મની સાથોસાથ જ અઢળક ધન લેતો આવ્યો. બાળક ગર્ભમાં આવતાં જ માતાને વ્રતો આચરવાનો દોહદ ઉત્પન્ન થવાના કારણે માતાપિતાએ બાળકનું નામ સુવ્રત રાખ્યું.

સુવ્રતે અનેક ધર્મશાસ્ત્રોનો સુંદર અભ્યાસ કર્યો અને યૌવનાવસ્થામાં આવતાં માતાપિતાએ અગિયાર સ્વરૂપવાન અને સદ્‌ગુણી કન્યાઓ સાથે તેના લગ્ન કર્યાં. માતાપિતા વૃદ્ધ થતાં સુવ્રત અને તેની સુશીલ પત્નીઓએ ધંધાનો અને ગૃહવ્યવસ્થાનો તમામ ભાર ઉપાડી લીધો. સુવ્રતને અગિયાર પુત્ર રત્નોની પ્રાપ્તિ થઈ અને તેની કુલ અસ્કયામતના આંકણી પણ અગિયાર ક્રોડ સોનૈયામાં થતી. આ રીતે અગિયારના આંક સાથે સુવ્રતશેઠને સુંદર સુમેળ હતો.

કારણ વિના કોઈ કાર્ય નિપજતું નથી, તેમ અગિયાર પત્ની, અગિયાર પુત્રો અને અગિયાર ક્રોડ સોનૈયાની પ્રાપ્તિ પાછળ પણ કારણ હતું. સુવ્રતનો જીવ અગિયારમાં દેવલોકમાંથી ચ્યવીને પ્રીતિમતીની કૂક્ષીમાં આવ્યો હતો. દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થતાં પૂર્વના જન્મમાં સુવ્રતના જીવે મૌન એકાદશી તપની સુંદર આરાધના કરી હતી. આ તપના પ્રભાવે જ અગિયારમાં દેવલોકનું સુખ ભોગવી મનુષ્ય યોનિમાં ફરી જન્મ લઈ પત્નીઓ, પુત્રોનો પરિવાર તેમજ અઢળક ધન પ્રાપ્ત કર્યા હતા.

એક વખતે શૌર્યપુરનગરમાં શ્રી ધર્મઘોષ નામના આચાર્ય પધાર્યા હતા. મૌનએકાદશીના પવિત્ર દિવસે તેમની પાસે વ્યાખ્યાનમાં મૌન એકાદશીનું માહાત્મ્ય સાંભળતાં સાંભળતાં સુવ્રતશેઠને જાતિસ્મરણ જ્ઞાન થયું, અને પૂર્વ ભવના પોતે આચરેલાં મૌન એકાદશી તપનો તાદૃશ ચિતાર તેની નજર સામે ખડો થયો. એ ભવમાં મળેલી અપૂર્વ રિદ્ધિ, સિદ્ધિ અને સંપત્તિ તેમજ તે પહેલાંના ભવે પ્રાપ્ત થયેલાં અગિયારમાં દેવલોકનું સુખ મૌન એકાદશીના તપનું ફળ હતું તે સમજતાં સુવ્રતશેઠને વાર ન લાગી.

તે પછી તો સુવ્રતશેઠે સહકુટુંબ સાથે મૌન એકાદશી તપની ઉત્કૃષ્ટ રીતે આરાધના શરૂ કરી. દરેક માસની અગિયારસના દિવસે કુટુંબના તમામ સભ્યો રાત્રિ દિવસનો પૌષધ લઈ મૌન પાળી ધર્માચરણ કરતાં, અને અન્ય લોકો પર પણ તેની સુંદર છાપ પડી. સુવ્રતશેઠની રિદ્ધિ, સિદ્ધિ અને સંપત્તિ એ મૌન એકાદશી તપનું ફળ છે એ હકીકત જાણ્યાં પછી ઘણા લોકોએ સુવ્રતશેઠનું અનુકરણ કરી મૌન એકાદશી તપની આરાધના શરૂ કરી.

સુવ્રતશેઠના મૌન એકાદશી તપની વાત ચારે બાજુ ફેલાઈ ગઈ. ગુણીજનો માટે જે હકીકત ધર્મ અને પુણ્યના નિમિત્તરૂપ બને છે, તેજ હકીકત કેટલીક વખત દુરિજનો માટે અધર્મ અને પાપના નિમિત્તરૂપ પણ બની જાય છે. નગરના ચોર લોકોએ સુવ્રતશેઠના આવા સુંદર વ્રતનો લાભ લઈ તેની હવેલીમાંથી ચોરી કરવાનો નિશ્ચય કર્યો. અગિયારસના દિવસે ઘરનાં તમામ સભ્યો મૌનવ્રત પાળતાં એટલે ચોરી કરવાના કાર્યમાં તે રાતે તેમને કોઈ અટકાવી શકે અગર પકડી શકે તેમ ન હતું.

એક અગિયારસના દિવસે સુવ્રતશેઠ અને ઘરના સૌએ રાત્રિદિવસનો પૌષધ કર્યો હતો. મધ્યરાત્રિએ સૌ પોતપોતાના સંથારા પર નિદ્રા લઈ રહ્યાં હતાં. સુવ્રતશેઠને જાપનો નિયમ હતો એટલે તે જાપ કરી રહ્યા હતા. તેવામાં શેઠની હવેલીમાં ચાર ચોરોએ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રવેશ કર્યો અને શેઠ જુવે તેમ કબાટમાંથી જરઝવેરાત, રોકડનાણું અને સોના ચાંદીની પાટો કાઢી ચાર પોટકાં બાંધ્યાં. એ બધાં માલની કિંમત લાખો રૂપિયા કરતાં પણ વધુ થતી હતી. શેઠને મૌનવ્રત હતું એટલે બોલવાનું તો હતું જ નહીં, પણ એ દશ્ય જોઇ શેઠ વિચારવા લાગ્યાં કે આ માણસોને આ રીતે ચોરી કરવાની જરૂર શા માટે ઉભી થઇ હશે ?

આમ વિચારતા હતા એવામાં સુવ્રતશેઠની નજર પોતાના બગીચામાં એક કૂવો ખોદાવવાના કારણે થયેલા માટીના મોટા ઢગલા પર પડી. એક બાજુ ડુંગર જેવો મોટો ઢગલો થયો હતો ત્યારે બીજી બાજુ મોટો અને ઊંડો ખાડો થયો હતો શેઠને લાગ્યું કે જ્યારે એક સ્થળે ઢગલો થાય છે ત્યારે અન્ય સ્થળે ખાડો પડે છે. કોઇને કોઇ સ્થળે ખાડો પડે તો જ અન્ય સ્થળે ઢગલો થાય છે અને આ રીતે અસમાનતા સર્જાય છે. પછી પોતાની અઢળક ધનમિલ્કત વિષે વિચારતાં સુવ્રતશેઠને થયું કે આવા મોટા પરિગ્રહના કારણે તેની હવેલીમાં ધનનો ઢગલો થયો તો ખરો, પણ બીજે ખાડો પડ્યા વિના કાંઈ ધનનો ઢગલો થઈ શકે નહીં. આમ જ્યાં જ્યાં ખાડાની રચના થાય છે, ત્યાં તેની આસપાસના લોકો પછી ચોરી, લૂટફાટ અને પાપના પંથે વળે છે.

સુવ્રતશેઠની વિચારધારા આગળ ચાલી: ' આમ એક વર્ગના લોકોને પાપના માર્ગે ધકેલવામાં અન્યવર્ગના એટલે ધનવાન લોકો પરિગ્રહના કારણે નિમિત્તરૂપ બની જાય છે. આવી અસમાનતા વધતાં લોકો લોકો વચ્ચે કલેશ, કંકાસ અને તકરારો થાય છે અને ભિન્ન ભિન્ન પક્ષો રચાય છે. દેશ દેશોની પ્રજા વચ્ચેનાં યુદ્ધોનું મૂળ પણ આમાં જ રહેલું છે. સત્તા, ધન અને અધિકાર પ્રાપ્ત કરવા માટે લોકોમાં અનીતિ, લુચ્ચાઇ, ઠગાઇ અને પાપાચાર પણ પરિગ્રહના પાપમાંથી જ વધે છે.' આમ પરિગ્રહ જ બધાં પાપોનું મૂળ અને સકળ વિશ્વની અશાંતિનું કારણ છે, એ ભવ્ય સત્ય સુવ્રતશેઠને તે રાતે પેલા ચોરોને ચોરી કરતાં જોઈ સમજાઇ ગયું.

આચાર્ય ધર્મઘોષસૂરિજીએ તેજ દિવસે સવારના વ્યાખ્યાનમાં પરિગ્રહ વિષે સમજાતાં કહ્યું હતું કે : 'અણુમાત્ર પરિગ્રહ રાખવાથી પણ મોહકર્મની ગાંઠ દૃઢ થાય છે અને તેથી તૃષ્ણાની એવી વૃદ્ધિ થાય છે કે તેની શાંતિ માટે સમસ્ત લોકનું રાજ્ય પણ પૂરું પડતું નથી. આ જગતમાં એવો કોઇ ધનવાન નથી કે જે ધન ઉપાર્જન, રક્ષણ અને વ્યયમાંથી ઉત્પન્ન થયેલ દુઃખરૂપી અગ્નિ વડે દાઝયો ન હોય; માટે હે મહાનુભવો ! જો તમે સંસારના બંધનનો નાશ કરવા ઈચ્છતા હો તો ધનના સમૂહને છોડીને મુનિઓના સમૂહને આનંદ આપનારા સંતોષરૂપી રાજ્યનો અંગીકાર કરો. ધનનો સમૂહ એ સમસ્ત ઇન્દ્રિયોના વિષયોનું તો બીજ છે પણ સમસ્ત પાપોનું મૂળ છે અને નરકાગારની ધજા છે. તેથી આવા અનર્થકારી ધનને છોડી સંતોષને અંગીકાર કરો જેથી સંસારની જાળ–ફાંસો કપાશે !

એક તરફ સુવ્રતશેઠની આ રીતની વિચારધારા આગળ ચાલી અને બીજી બાજુ ચોર લોકોએ પેલા પોટકાં ઉપાડી હવેલીમાંથી બહાર નીકળવાની તૈયારી કરી. સુવ્રતશેઠના પરિગ્રહના બોજાનો ભાર આ ચોરલોકો કેટલાક અંશે ઓછો કરતા હતા, એટલે તેને તો ક્રોધ આવવાને બદલે આનંદ થતો હતો. પરંતુ ચોરલોકો પોટકાં લઈ જેવા બહાર નીકળવા ગયા કે તેમને બહાર નીકળવાનું દ્વાર અલોપ થઈ ગયેલું લાગ્યું. કયા માર્ગે બહાર નીકળવું તે તેમને સૂઝે નહીં અને ફાં ફાં માર્યા કરે. પોટકાં જેવા નીચે મૂકે કે સામેજ દ્વાર દેખાય, પણ જેવા હાથમાં ઉપાડે કે તરત જ દ્વાર અદ્રશ્ય થઈ જાય અને ચારે તરફ માત્ર દિવાલ નજરે પડે. ચોર લોકો અંદરો અંદર આ કૌતુક સંબંધમાં વાત કરતા હતા, એટલે સુવ્રતશેઠ તેઓની મુશ્કેલી સમજી ગયા. પણ મૌનવ્રતના કારણે તેઓ કશું બોલી શકે તેવી સ્થિતિમાં ન હતા. એમ કરતાં કરતાં પ્રભાત થયું અને ચોર લોકોને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યાં જોઈ તેમની આસપાસ લોકોનું ટોળું ભેગું થયું અને તેઓએ ચોરોને મુદ્દામાલ સાથે પકડી લીધાં.

પ્રભાતની આવશ્યક ધાર્મિક ક્રિયા પતાવી સુવ્રત શેઠ તો મંદિરે ગયા હતા અને પાછા આવતાં તેણે ચોરોને પકડાયેલી હાલતમાં જોયાં. આ દૃશ્ય જોઈ તેનું કોમળ હૃદય દ્રવી ઉઠ્યું. પૌષધનો મુખ્ય હેતુ તો આરંભ પરિગ્રહને ઘટાડી તેમાંથી સદંતર મુક્ત બની પંડિત મરણની ભાવના ભાવવાનો છે, ત્યારે અહિં તો પૌષધના કારણે અન્ય માણસોને જેલમાં જવા જેવી પરિસ્થિતિ ઉભી થઈ હતી. સુવ્રતશેઠે ન્યાય અને નીતિન માર્ગે ધન પ્રાપ્ત કર્યું હતું તેથી ચોર લોકો તે ધનને ન લઇ જઇ શક્યાં, પરંતુ તેમ છતાં સુવ્રતશેઠને લાગ્યું કે ન્યાય અને નીતિના માર્ગે સંચય કરેલુ ધન પણ એક પ્રકારનો પરિગ્રહ જ છે. આચાર્ય ભગવંતના પરિગ્રહ વિષેનાં વ્યાખ્યાનમાંથી શેઠને નવીજ દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી.

સુવ્રતશેઠ વિચારવા લાગ્યાં કે 'જ્યાંસુધી મારી પાસે જરૂર કરતાં વધારે ખાવાનું છે અને બીજા પાસે કશુ જ નથી-જ્યાંસુધી મારી પાસે બે વસ્ત્ર છે અને અન્ય કોઇ પાસે એક પણ વસ્ત્ર નથી, ત્યાંસુધી આ સંસારમાં હું એક પ્રકારનો પરિગ્રહીજ છુ. આવા પરિગ્રહના કારણે જગતમાં ચાલતા રહેતા પાપનો હું પણ ભાગીદાર છું અને આવા ચોર અને લૂટારાઓની ઉત્પત્તિ માટે હું તેમજ મારી જેવા અન્ય ધનવાનો પૂરેપૂરા જવાબદાર છે.'

આવા પાપમાંથી મુક્ત થઇ જવાનો સુવ્રતશેઠે દૃઢ સંકલ્પ કર્યો. માનવજન્મ સૌથી સર્વોત્તમ ગણાય છે કારણકે માત્ર માનવમાં જ પોતાની જાતને ઓળખવાની અદ્‌ભુત શક્તિ રહેલી છે. આવી રીતે માનવ પોતે પોતાની જાતને ઓળખી શકે તે માટે તેને જગાડવાની જરૂર રહે છે ખરું, પરન્તુ આચાર્ય ભગવંતના ઉપદેશથી સુવ્રતશેઠની નિદ્રા ઊડી ગઇ હતી અને તેઓ જાગ્રત થઇ ગયા હતા ચોરોની આસપાસ થયેલી વિશાળ માનવ મેદનીને સુવ્રતશેઠે કહી દીધું: 'ભાઇઓ! આ લોકો ચોર નથી પણ મારા પરમ મિત્રો છે, જેઓએ મને ઘોર નિદ્રામાંથી જાગ્રત કર્યો છે. આ બધો માલ તેઓ ચોરી કરીને નથી લઇ જતાં પણ મેં તેમને બક્ષિશ તરીકે આપેલ છે.'

સુવ્રતશેઠની વાત સાંભળી માનવમેદનનીના આશ્ચર્યનો પાર ન રહ્યો, અને ચોર લોકો તો આ વાત સાંભળી સ્તબ્ધ થઇ ગયા. સુવ્રતશેઠના આવા માનવતા ભર્યા વર્તાવથી તેઓના જીવનમાં ભારે પરિવર્તન થયું અને તે દિવસથી ચોરીનો ધંધો છોડી દીધો. દુષ્ટ લોકો પ્રત્યે તિરસ્કાર ધૃણા કે નફરત કરવાનો કશો અર્થ જ નથી. જેઓ દુષ્ટ છે તેઓ જાણતાં નથી કે પોતે ખરાબ કરે છે, અને એટલા માટે તેઓ નિર્દોષ છે. જ્ઞાની પુરુષોએ તેથી જ કહ્યું છે કે 'જે બુરાઇ કરે છે તેને હંમેશા ક્ષમા આપવી જોઈએ, તેને પ્રેમ આપવો જોઈએ; કારણ કે જગતના ખરાબમાં ખરાબ માણસમાં પણ આપણામાંના દરેકનો કાંઈક અંશ રહ્યો છે. એ આપણો છે આપણે તેના છીએ આપણામાંનું કોઇ જ બીજાથી ભિન્ન નથી.' સુવ્રતશેઠે પણ आत्मवत् सर्वभूतेषु નો આવો વિશાળ અર્થ કરી પેલા ચોરોને પ્રેમ-ક્ષમા-સદ્‌ભાવ દ્વારા જુના લઇ દુષ્ટ પ્રવૃત્તિમાંથી તેઓને સદા માટે મુક્ત કરાવ્યા.

પછી તો સુવ્રતશેઠે પોતાના ધન મિલકતનો મોટો ભાગ જનસમુદાયના હિતાર્થે વાપરી નાખ્યો. સુવ્રતશેઠની આવી વિલક્ષણ બુદ્ધિ તેના મૌનવ્રતના તપને આભારી હતી. મૌનના કારણે માનવી સતત મનન અને ચિંતન કરતો થઈ જાય છે અને તેમાંથી જે આનંદ પ્રાપ્ત થાય છે, તેથી અંદરના કલેશો ઉત્પન્ન થઇ શકતાં નથી. મૌનનો તાત્ત્વિક અર્થ માત્ર કશું જ ન બોલવું એવો નથી, પણ મનનું અશુભ ભાવોમાં અપ્રવર્તન એજ મૌનનો સાચો પરમાર્થ છે. ઘણી યે વાર વાણીથી જે વણસે છે, તે મૌનથી ઊધરે છે. બને ત્યાં સુધી ન બોલવું અને બોલ્યા વિના ન જ ચાલે એવું હોય ત્યાં અને ત્યારે જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બોલવું. સાદું, સીધું, સરળ અને જેમાંથી બે અર્થ ન થાય તે રીતે જ એક અર્થી બોલવું. આપણા બોલવાથી કોઇનું દિલ દુભાય એવું લાગે તો ન જ બોલવું. કોઇએ સાચું જ કહ્યું છે કે વાણી એ રૂપું છે અને મૌન એ સોનુ છે.

સુવ્રતશેઠને પણ મૌન વ્રતના કારણે સંસારનું મહાન સત્ય સમજાઈ ગયું અને દીક્ષા લઈ ત્યાગ-તપ-સંયમના માર્ગે કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી તેજ ભવમાં મુક્તિ પ્રાપ્ત કરી. આપણા એક મહાન મુનિરાજે સાચું જ કહ્યું છે કે:—

કાટે કાટે થાયે વાડ, બોલે બોલે વાધે રાડ;
જાણી મૌન ધરે ગુણવંત, તે સુખ પામે અતુલ અનંત.

## સત્ય

સત્યતપા નામના એક બ્રહ્મર્ષિ થઇ ગયા છે. હંમેશા સત્ય જ બોલવું એવો તેણે નિયમ કર્યો હતો. એક દિવસ તે પોતાના આશ્રમના બારણા પાસે ઊભા હતા, તે વખતે શિકારીએ ઘાયલ કરેલું એક સુવર એની પાસેથી પસાર થઇને આશ્રમમાં સંતાઇ ગયું. થોડી વાર પછી એને ઘાયલ કરનાર શિકારી સુવરની શોધ કરતો ત્યાં આવ્યો. એણે ઋષિને ત્યાં ઊભેલા જોઇને નમસ્કાર કરીને પૂછ્યું કે અહીં થઇને ઘાયલ થયેલું કોઇ પશુ તેમણે જતુ દીઠું ? સત્યનું જ ભાષણ કરનાર ઋષિને ધર્મસંકટ આવી પડ્યું. જો હા કહે, તો બિચારૂં પશુ મરી જાય છે; જો ના કહે, તો અસત્ય બોલાય છે. એટલે ઋષિએ જવાબ જ દીધો નહીં. વ્યાધે બીજીવાર પૂછ્યું. આમ ફરી ફરી પૂછતાં ઋષિએ તેને કહ્યુ કે—

"या पश्यति न सा ब्रूते या ब्रूते सा न पश्यति ।
अहो व्याध स्वकार्यार्थी किं पृच्छति पुनःपुनः ॥"

જે દેખે છે તે (એટલે કે આંખ) બોલી શકતી નથી અને જે બોલી શકે છે તે (એટલે કે જીભ) દેખી શકતી નથી. (એટલે કે હું તને કેવી રીતે જવાબ આપી શકું ?) સ્વકાર્યનો ઇચ્છાવાળા વ્યાધ ! તું શા માટે ફરી ફરીને પૂછે છે ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સોક્રેટિસ-સ્થિતપ્રજ્ઞ

લેખક : ક્લીફ્ટન્ ફ્લેડીમન્ અનુ. : રામુ ઠક્કર

[યુરોપના પ્રાચીન મહાન રાષ્ટ્ર ગ્રીસમાં આજથી આશરે ૨૫૦૦ વરસ પહેલાં એક મહાન ફિલસુફ થઈ ગયો. તેણે જ્ઞાનનાં નવાં કિરણો સર્વત્ર ફેલાવવા માંડ્યાં. દુનિયાના ઈતિહાસમાં ઘણીવાર એવું બન્યા કર્યું છે કે નવું જ્ઞાન માણસોને ગમતું નથી-ખાસ કરીને ધર્મને લગતું નવું જ્ઞાન. એટલે પોતાનો જ મત સાચો છે અને એનાથી જુદી વાતો કરનાર માણસ અધર્મી છે એવું પ્રતિપાદન કરીને નવું જ્ઞાન ફેલાવનારને અનેક પ્રકારે હેરાન હેરાન કરીને એમનો જીવ લેવા સુધીની હીનતા પણ દેશેદેશમાં આવા "સ્થાપિત હિત" ધરાવનારાઓએ રાજ્ય સત્તાનો આશરો લઈને કરેલી છે. ઇશુ ખ્રીસ્તને ક્રોસ પર લટકાવીને મારી નાખ્યાની હકીકત આ વાતનો એક જબરદસ્ત પુરાવો છે.

ગ્રીસનો એ મહાન ફિલસુફ ઉગતી પ્રજામાં અધર્મ ફેલાવે છે એવો તેના ઉપર ત્યાંના જામી પડેલા ધર્મગુરુઓએ આક્ષેપ મૂકયો અને રાજ્યસત્તા ઉપર પોતાની લાગવગ ચલાવીને તેને અધર્મના પ્રચારક તરીકે દેહાંતદંડની શિક્ષા કરાવી. એ વેળાની ચાલતી રસમ પ્રમાણે દેહાંતદંડની શિક્ષાનો અમલ અપરાધીને "હેમલોક" નામે ઓળખાતા એક જલદ ઝેરનો પ્યાલો પાઇને કરવામાં આવતો. એ ફિલસુફને એ રીતે મૃત્યુદંડ આપવાનું ફરમાન થયું.

ફિલસુફે પોતાને કરવામાં આવેલી એ શિક્ષા સ્વસ્થતા ને શાંતિથી સ્વીકારી લીધી. જે દિવસે તેને એ ઝેર આપવાનું હતું તે દિવસે સરકારી તુરંગમાં તેના ઓરડામાં તેના કેટલાક મુખ્ય શિષ્યો તેની સાથેની છેલ્લી મુલાકાત માટે એકઠા થયા હતા. તે શિષ્યો પૈકી પાછળથી ગ્રીસમાં એક મહાન ફિલસુફ તરીકે વિખ્યાત થયેલ પ્લેટો નામના ૨૮ વરસના યુવાન શિષ્યે પોતાના ગુરુની અંતિમપળોનું એક હૃદયદ્રાવક વર્ણન લખેલું છે. તેમાંથી કેટલોક ભાગ અહીં રજુ કરવામાં આવે છે. આ મહાન ફિલસુફનું નામ હતું સોક્રેટિસ.

—અનુવાદક ]

અમને એ વખતે એવું લાગવા માંડયું કે જાણે અમારા પિતા મરી જવાના છે અમે બાકીની જિંદગી માટે અનાથ બની જવાના છીએ.

સોક્રેટિસે સ્નાન કરી લીધા પછી તેના પુત્રોને તેની પાસે લાવવામાં આવ્યા. તેના બે દીકરા તદ્દન નાના હતા અને ત્રીજો જરા મોટી ઉંમરનો હતો. એના કુટુંબની કેટલીક સ્ત્રીઓ પણ ત્યાં આવેલી હતી. સોક્રેટિસે ક્રીટોની હાજરીમાં તે સહુની સાથે વાતો કરી અને તેમને બધાંને પોતાનાં છેલ્લાં ફરમાનો કહી સંભળાવ્યાં. તે પછી એ સ્ત્રીઓ અને બાળકોને પાછાં મોકલી દઇને એ અમારી પાસે આવીને બેઠાં. એટલામાં જ જે સરકારી સમિતિએ તેને પોતાની સજા ફરમાવી હતી તે સમિતિનો નોકર ત્યાં આવીને સોક્રેટિસની સમીપ ઊભો રહ્યો અને કહેવા લાગ્યો,

'સોક્રેટિસ, બીજા માણસોના જેવું અનાડીપણું તમે નહીં બતાવો એ હુ જાણું છું. મારા ઉપરી સત્તાધીશો મને હુકમ કરે છે તે પ્રમાણે હું બીજા અપરાધીઓને ઝેર પીવાનુ ફરમાવું છું ત્યારે તેઓ મારા ઉપર ગુસ્સે થાય છે અને મને ગાળો આપે છે. પરંતુ તમારી સાથેના પરિચયથી મને ખાતરી થઈ છે કે અહીં અત્યાર સુધી આવી ગયેલા માણસોમાં તમે સહુથી ઉમદા સ્વભાવના, સહુથી નમ્ર અને સર્વ રીતે શ્રેષ્ઠ છો. અને તમારે ગુસ્સે થવું હોય તો મારા ઉપર નહીં પણ જે લોકો તમારા રોષને પાત્ર છે તેના ઉપર જ તમે ગુસ્સે થશો એટલી મને ખાતરી છે. હવે હું તમને આખરી સલામ કરતાં પહેલાં એટલું કહી છૂટું છું કે તમારે જે સહન કરવાનું છે તે ધીરજથી અને શાંતિથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સહન કરજો. હું શા માટે અહીં આવ્યો છું તે તો તમે જાણો છો.' આટલું બોલતાં એ માણસની આંખો આંસુથી છલકાઇ ગઇ, તેણે પોતાનું મોં બીજી તરફ ફેરવી દીધું અને ત્યાંથી તરત ચાલવા માંડયું.

એ જતો હતો તેવામાં સોક્રેટિસે તેને કહ્યું, 'આખરી સલામ. હું તારા કહેવા પ્રમાણે કરીશ.'

એ પછી અમારા તરફ ફરીને તેણે કહ્યું, "આ માણસ બિચારો કેટલો વિનયી છે! હું અહીં રહ્યો તેટલો વખત એ મને હરહંમેશ મળવા આવતો અને કયારેક કયારેક તો મારી સાથે વાતો પણ કરતો મારા તરફ તેનો ભારે સદ્ભાવ હતો. અને અત્યારે પણ એ બિચારો મારે માટે કેવી લાગણીથી આંસુ પાડે છે! ચાલો, ક્રીટો, આપણે એનું ફરમાન બરાબર બજાવવાનું છે. ઝેર તૈયાર હોય તો હવે તરત અહીં મંગાવો અને તૈયાર ન હોય-તો તૈયાર કરવાનું કહો."

ક્રીટોએ કહ્યું, "નહી સોક્રેટિસ, મને લાગે છે કે હજુ પૂરેપૂરો સૂર્યાસ્ત થયો નથી. સૂર્યનાં કિરણો હજુ ટેકરી ઉપરથી અદૃશ્ય થયા નથી. વળી, બીજા અપરાધીઓ ઝેર ઘણું મોડેથી પીએ છે એટલું જ નહીં પણ રુચિપૂર્વક ખાય છે, પીએ છે અને મિત્રોને બોલાવી મોજ કરે છે માટે તમારે ઉતાવળ કરવાની કશી જરૂર નથી હજુ સમય છે.'

સોક્રેટિસે કહ્યું, "ક્રીટો, જે માણસોની તું વાત કરે છે તેઓ ભલે તેમ કરતા હોય કેમ કે તેમ કરવાથી તેમને લાભ થતો હોય એવું કદાચ તેઓ માનતા હશે પણ હું તો જાણું છું. કે ઝેર પીવામાં હવે વિલંબ કરવાથી જે જિંદગી ખતમ થઈ ચૂકી છે તેને થોડી વાર વધારે લંબાવવાના મિથ્યા મોહ માટે મારા પોતાના મનમાં મને મારી જાત પ્રત્યે ઉપજનાર તિરસ્કાર સિવાય મને બીજો કોઈ લાભ થનાર નથી. માટે હું જે કહું છું તે પ્રમાણે કરવામાં આનાકાની ન કર."

એટલે ક્રીટોએ નજીકમાં ઉભેલા પોતાના ગુલામને નિશાની કરી અને એ ગુલામ જે આદમી ઝેર આપનાર હતો તેને સાથે લઇને પાછો આવ્યો. ઝેરનો ભરેલો પ્યાલો તે આદમીના હાથમાં જ હતો.

સોક્રેટિસે તેને જોતાંવેંત પૂછયું, 'ભાઈ સાહેબ, તમને આ બધી વાતોની બરાબર માહિતી છે. મને કહો કે હવે મારે શું કરવાનું છે?"

પેલા આદમીએ જવાબ આપ્યો, "તમારે માત્ર આ પી જવાનું છે અને પછી આ ઓરડામાં આમતેમ આંટા મારવાના છે. તમારા પોતાના પગ તમને ભારે લાગવા માંડે ત્યાં સુધી આંટા માર્યા કરજો અને પછી સૂઈ જજો."

આટલું બોલીને તેણે એ પ્યાલો સોક્રેટિસના હાથમાં મૂકયો અને સોક્રેટિસે હસતે મુખે તે પ્યાલો લઈ લીધો. એ વખતે તેનો હાથ મુદ્દલ ધ્રૂજયો નહીં કે તેના ચહેરા પરનો રંગ કે એક પણ રેખા જરા જેટલીયે બદલાઈ નહીં. પેલા માણસ ઉપર નજર સ્થિર કરી રાખીને તેણે પૂછયું, "આ પ્યાલામાંથી એક નાનકડી અંજલિ હું દેવતાઓને આપવા માગું છું. એ આપવાની મને રજા મળશે?"

પેલાએ જવાબ આપ્યો, "અમે ફક્ત જેટલું જરૂરી હોય તેટલું જ ઝેર બનાવીએ છીએ. એમાં બિલકુલ વધારાનું પ્રવાહી નથી, સોક્રેટિસ!"

'સમજી ગયો," સોક્રેટિસે કહ્યું, "તો કંઇ નહીં. પણ મને લાગે છે કે મારે પ્રાર્થના તો કરવી જોઈએ અને દેવતાઓને મારી પ્રાર્થના એટલી જ છે કે અહીંથી શરૂ થતો મારો પ્રવાસ સુખરૂપ નીવડો. આમીન!"

આટલું કહીને તેણે પેલો પ્યાલો હોઠે લગાડયો અને તેમાંનું ઝેર, ધીરે ધીરે, શાંતિથી, હસતે મુખે તેણે પીધું. આટલે સુધી તો અમારામાંના ઘણાખરાઓ અમારી લાગણી ઉપર ઠીકઠીક સંયમ રાખી શકયા હતા પણ અમે તેને ઝેર પીતાં જોયા અને પ્યાલો ખાલી થઈ ગયો ત્યારે અમારો સંયમ ટકી શકયો નહીં. ઘણું રોકતાં છતાં મારી આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં અને મોં ઢાંકીને હું રડી પડયો-તે પહેલાં ક્રીટોથી પણ આંસુ રોકાઇ શકયાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નહીં એટલે એ ત્યાંથી ચાલતો થયો હતો અને આખો વખત ધીમું ધીમું રડયા કરતો એપોલો-ડોરસ તો હવે ઠુઠવો મૂકીને રડવા લાગ્યો. માત્ર એકલા સોક્રેટિસના ઉપર તેની કશી અસર થઈ નહીં!

તે એકદમ બોલી ઊઠયા, "અરે, મારા મિત્રો, તમે આ શું કરો છો? મેં એવું સાંભળ્યું છે કે મરણ સમયે આસપાસ સંપૂર્ણ શાંતિ રહેવી જોઈએ. તમે સહુ શાંત થઈ જાઓ અને સહન કરતાં શીખો."

એનું બોલવું સાંભળીને અમે સહુ શરમાઈ ગયા અને રડતા બંધ થઈ ગયા. પછી તેણે ઓરડામાં આમતેમ આંટા મારવા માંડયા અને પોતાના પગ ભારે લાગવા માંડયા ત્યાં સુધી આંટા માર્યા કર્યા. તે પછી કહેવામાં આવ્યા પ્રમાણે એ ચત્તા સુઈ ગયા. જે માણસે તેને ઝેર આપ્યું હતું તેણે તે પછી વારેવારે તેના પગ અને હાથ તપાસવા માંડયા અને પછી તેના એક પગનું તળિયું જોરથી દબાવીને પૂછ્યું, "તમને કંઈ થાય છે?" જવાબમાં સોક્રેટિસે ના પાડી. તે પછી તેણે તેનો પગ દબાવ્યો અને અમને તેણે બતાવ્યું કે પગ તદ્દન ઠંડો અને જડ બની ગયો છે.

સોક્રેટિસે પોતે પણ પોતાના પગ ઉપર હાથ મૂકીને કહ્યું, "આની અસર ઉપર ચડતાં ચડતાં હૃદય લગી પહોંચશે કે તરત જીવનનો અંત આવી જશે." એનું મોં ઢાંકી દેવામાં આવ્યું હતું એટલે પોતાના મોં ઉપરથી ચાદર તેણે અળગી કરી તે વખતે તેની કમરનો ભાગ ઠંડો પડવા લાગ્યો હતો. તેણે છેલ્લી વાર આટલા શબ્દો ઉચ્ચાર્યા: "ક્રીટો, એસ્લેપીઅસને મારે એક મરઘો આપવાનો છે. તે તેને પહોંચતો કરવાનું ભૂલતો નહિ."

ક્રીટોએ કહ્યું "હું જરૂર પહોંચતો કરીશ. તમારી બીજી કોઇ ઇચ્છા બાકી રહી ગઈ છે?"

આ સવાલનો તેણે જવાબ આપ્યો નહિ પણ થોડી વાર પછી પેલા આદમીએ તેના ઉપર ઓઢાડેલી ચાદર આઘી કરી. તે વખતે સોક્રેટિસની આંખો બંધ થઇ ગઈ હતી.

આવી રીતે અમારા એ મિત્રના જીવનનો અંત આવ્યો. મારા માનવા પ્રમાણે એ માણસ શાણામાં શાણો ન્યાયીમાં ન્યાયી અને મેં જોયેલા જાણેલા એવાઓમાં સર્વશ્રેષ્ઠ માનવી હતો.

卐

## સમાજ-શરીર

સમાજનો આચાર જમાને જમાને તપાસાય એ જરૂરનું છે. એમાં જરૂરી ફેરફાર થાય એ પણ આવશ્યક છે જેમ શરીરમાં નવું પોષણ રોજ ઉમેરતા જઇએ છીએ અને કચરો પણ શરીરમાંથી રોજ કાઢી નાંખીએ છીએ અને તેથી જ શરીર નિરોગી રહી સેવા આપે છે, તે જ પ્રમાણે સમાજ-શરીરનુ પણ છે. જેમ ખોરાકનું કાળે કરીને લોહી થાય છે અને નકામો ભાગ મેલના રૂપમાં નીકળી જાય છે, તેમ સારામાં સારી જૂની વ્યવસ્થા તે તે કાળને પોષણ આપી શેષમાં સડારૂપે રહી જાય છે. એને જો કાઢી ન નાંખીએ તો સમાજ-શરીર ગંધાય છે અને રોગી થાય છે. રોજનો વિકાસ અટકાવી દઇએ ત્યારે કોક વખતે સંન્નિપાતની પેઠે એકાએક ક્રાંતિ ફાટી નીકળે છે. વિકાસ અટકાવવો એ ક્રાંતિને નોતરવા સમાન છે, પછી એ ક્રાંતિ પરદેશી હુમલાના રૂપમાં થાઓ કે અંદરના બળવાના રૂપમાં થાઓ.

('જીવન વ્યવસ્થા'માંથી) કાકા કાલેલકર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્યાદ્વાદ-અનેકાંતવાદ અર્થાત્ સાપેક્ષવાદ

લેખક : રતિલાલ મફાભાઈ-માંડળ

એક માણુસ એક વસ્તુ એક રીતે વિચારે છે, બીજો બીજી રીતે તો વળી ત્રીજો ત્રીજી રીતે વિચારે છે. એથી હરેકને પોતાના વિચારો હોય છે. એથી કોઈના પણ વિચારોને છૂંદી નાંખવા એ ભ. મહાવીરને મન વૈચારિક હિંસા છે "અલબત અહિતકારી વિચારોનો વિરોધ કરી શકાય છે પણ આપણી સાથે મેળ ન ખાવા છતાં પણ કોઈને ય હિતકારી હોય તો એવાં વચનો સમજવાં અને એનો આપણા વિચારો સાથે કયાં સુધી મેળ ખાય છે એ તપાસી એનો સમન્વય સાધવો એ અહિંસાનું લક્ષણ છે," એમ કહી ભગવાને અનેકાંતવાદ એટલે ભિન્ન ભિન્ન દષ્ટિબિંદુઓથી વસ્તુને સમગ્ર રીતે તપાસી ન્યાયી નિર્ણય પર આવવાની જે પદ્ધતિ શોધી કાઢી છે એ એમનો જગતના તત્ત્વ ચિંતનમાં અણમોલ ફાળો ગણાય છે. તેની આજના અનેક પંડિતોએ પણ મુક્તકંઠે પ્રશંસા કરી છે.

ભિન્ન ભિન્ન વિચાર-સરણીઓને અનેકાંતવાદ કેવી રીતે સાંધી એ બધા વચ્ચે સમન્વય પેદા કરે છે, એનો નદી-સાગરનો એક દાખલો લઈ આ પ્રશ્ન વિચારીએ :-

૧. આપણે જોઈએ છીએ કે સેંકડો નદીઓ સમુદ્રમાં મળી જઈ પોતાનો જલ-પ્રવાહ એમાં ઠાલવે છે.

૨. છતાં ખારવાઓ કહે છે કે એ પ્રવાહો સમુદ્ર સાથે એક રૂપ બનવા છતાં માઈલો સુધી જુદા પણ દેખાય છે.

૩. કોઇ ડાહ્યો એમ પણ કહે છે કે નદીઓ કે સમુદ્ર એ છેવટે તો જલના બિંદુઓનો સંગ્રહ જ છે. સમુદ્ર-નદી જેવી કોઇ સ્વતંત્ર વસ્તુ જ નથી.

૪. તો કોઇ ફિલોસોફર કેવળ જલ તત્ત્વ સિવાય એ કશું જ નથી એમ કહે તોય ખોટું શું છે?

૫. વળી આજનો વિજ્ઞાની જલ એ તો એચ. ટુ. ઓ.-બે ભાગ હાઇડ્રોજન અને એક ભાગ ઓકસીજનના મિશ્રણનું જ પરિણામ છે, વસ્તુતઃ જલ જેવી કોઇ સ્વતંત્ર વસ્તુ જ નથી, એ સત્ય સહેજે સિદ્ધ કરી શકે છે.

૬. તો કોઈ અનુભવી એ બધાની જ વાતમાં તથ્ય છે એમ કહી એકબીજાના મંતવ્યોને સ્વીકારવામાં જ સત્ય નિર્ણય પર અવાય છે એમ શીખવે છે.

દાર્શનિક ક્ષેત્રમાં પણ જીવ-ઇશ્વર વિષેની આવીજ કલ્પનાઓ એકાંગી દષ્ટિબિંદુને કારણે વર્તે છે.

૧. ખ્રીસ્તી-મુસ્લીમ તેમજ હિંદુધર્મની અનેક શાખાઓ નદી-સમુદ્રની જેમ જીવ-શિવની એકતામાં માને છે.

૨. રામાનુજ, જેમ નદીઓના જલ પ્રવાહો સમુદ્ર સાથે એક રૂપ બનવા છતાં જુદા દેખાય છે, તેમ જડ ચૈતન્ય જગત બ્રહ્મમાં એકાકાર હોવા છતાં ઉત્પત્તિકાળે જુદું પડી શકે છે એમ માને છે, તેમજ એકાકાર સ્થિતિમાં પણ અંતર્ગત ભિન્નતા રહે છે તેમ પણ સ્વીકારે છે.

૩. પ્રાચીન સાંખ્ય, મીમાંસકાદિ નિરીશ્વરવાદી પંથો સમુદ્રની જેમ સ્વતંત્ર ઈશ્વર હોવાનો જ ઇન્કાર કરે છે. જલબિંદુઓના સમૂહની જેમ એ આત્મસમૂહને માને છે.

૪. અદ્વૈતવાદીઓ વિશ્વને કેવળ જલ તત્ત્વની જેમ બ્રહ્મસ્વરૂપ જ માને છે.

૫. જ્યારે બૌદ્ધદર્શન આત્મતત્ત્વોનો જ ઇન્કાર કરે છે. જેમ પાણી એ હાઇડ્રોજન ઓકસીજનની કરામત છે તેમ એ આલય વિજ્ઞાનની (જીવના સંસ્કાર પ્રવાહની) અને પ્રવૃત્તિ જ્ઞાનની જ એમાં કરામત જુએ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬. ભગવાન મહાવીર એ બધાના મંતવ્યોને મંજુર રાખે છે કારણકે એમની સ્યાદ્વાદ દષ્ટિ ભિન્નભિન્ન અપેક્ષાએ દરેકના મંતવ્યોમાં સત્યનું દર્શન કરી શકે છે.

અપેક્ષાભેદે વસ્તુમાત્રમાં રહેલા સત્યાંશોને જોવાની સ્વાદ્વાદ જે નિર્મલ દષ્ટિ શીખવે છે એથી એ દષ્ટિ સાપેક્ષવાદ પણ કહેવાય છે.

આજના જગતના મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઇને the doctrine of relativity સાપેક્ષવાદની શોધ કરી વિજ્ઞાન જગતને ભારે આંચકો આપ્યો હતો, તેવી જ રીતે આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે ભગવાન મહાવીરે પણ એજ સાપેક્ષવાદના શોધેલા સિદ્ધાંતને કારણે મોટો ખળભળાટ મચાવ્યો હતો. મહાવીરે દાર્શનિક ક્ષેત્રમાં એનો પ્રયોગ કરી ક્રાંતિ જન્માવી હતી, તેમ આઇન્સ્ટાઇને વૈજ્ઞાનિક ક્ષેત્રમાં પ્રયોગ કરી નવી ક્રાંતિ જન્માવી છે.

આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદ ભ્રમણ, ઘર્ષણ, પ્રકાશ અને ગુરૂત્વાકર્ષણ જેવા નિયમો ઉપર અવલંબે છે, ત્યારે ભગવાન મહાવીરનો સાપેક્ષવાદ અહિંસા અને ઉદારતામાંથી પ્રગટેલો હોઈ અન્યની વિચારસરણી સમજવા ઉપર અવલંબેલો છે.

જેમ વસ્તુના પ્રત્યક્ષ રૂપ દર્શનમાં ભેદ પડવાના કારણોમાં પૃથ્વીનું ભ્રમણ, વિષુવવૃત્તથી અંતર, દિવસ, રાત, ઋતુઓ, ગ્રહણ, ધૂમસ, વાદળ, પ્રદેશ, વરસાદ, આંખ પર થતા દબાણથી ઉત્પન્ન થતી દ્વિનજર, લઘુ–દષ્ટિ (શોર્ટ સાઇટ), લંબ દષ્ટિ (લોંગ સાઇટ) દૂર્બિન, રેડિયો, તાર ટેલીફોન, ટેલીવીઝન, ઘર્ષણ, પ્રકાશ, અંતર વ. ગણાવી શકાય છે.

તેમ વિચાર ભેદના કારણોમાં સ્વભાવ, રૂચિ, પ્રકૃતિ, બુદ્ધિ, તર્ક, કલ્પના, સમજ, અનુભવ, વિવેક, યૌગિક ચમત્કાર, ધર્મમાન્યતા, વહેમો, અંધશ્રદ્ધાઓ, શિક્ષણ, બીમારી, વૃદ્ધાવસ્થા, ચિત્તભ્રમ, ગાંડપણ, જ્ઞાનતંતુની નબળાઈ તથા હિપ્નોટીઝમ, મેસ્મેરીઝમ વગેરેની અસરો મુખ્ય ભાગ ભજવે છે.

આજે તો વ્યવહારિક સાપેક્ષવાદનો ભિન્ન ભિન્ન દષ્ટિબિંદુઓ (different points of view) રૂપે ઠીક ઠીક સ્વીકાર થવા લાગ્યો છે પણ ભગવાન મહાવીરના યુગમાં અન્યનું દષ્ટિબિંદુ સમજવાની દષ્ટિ જ ઉઘડી ન હોતી. જેથી એ યુગમાં મહાવીરે વસ્તુને જોવાની આ નવી દષ્ટિ શીખવી ભારે ચમત્કાર સર્જ્યો હતો. સિદ્ધાંતની માન્યતામાં અટવાઇ પડેલા સર્વ વાદો–માર્ગોને એમણે "વાદો" દષ્ટિબિંદુઓ કહી દરેકની જરૂરિયાત સ્વીકારી હતી, તેમજ એમાં રહેલા સત્યનો પણ સ્વીકાર કર્યો હતો. આમ સ્યાદ્વાદની સહાયથી ભિન્ન ભિન્ન "વાદ" મણકાઓને સ્યાદ્વાદરૂપી એક સૂત્રમાં ગુંથી લઇ એ સર્વને સત્યના ભિન્ન ભિન્ન પાસાઓ સિદ્ધ કરી એ બધા વચ્ચે સમન્વય કરવાનો અને એ રીતે ઝઘડતા વાદોને સાંધી એમણે શાંતિનો–કલહ શમનનો માર્ગ બતાવ્યો હતો.

જગતના સર્વ વાદો, ધર્મ–પંથો એ એકજ પરમ સત્યના જુદા જુદા પાસાઓ બનતા હોઇ ભગવાને સર્વદર્શનસંગ્રહઃ इति जैनधर्मः સર્વ દર્શનોના સંગ્રહનેજ જૈન ધર્મ કહ્યો છે. જૈન ધર્મ એટલે પરમ સત્યધર્મ–અનેકાંતધર્મ. જીનેશ્વર ભગવાને આ પરમ સત્યને ઓળખવાની દષ્ટિ આપેલી હોઇ એ જિનેશ્વર કથિત ધર્મ અર્થાત્ જૈન ધર્મ કહેવાયો છે. કોઇને એ નામ ન રૂચે તો એ એને પોતાના મનપસંદ નામ આપી શકે છે. ભલે પછી એને વેદધર્મ કહો, ભાગવત ધર્મ કહો, અહિંસા ધર્મ કહો કે વિશ્વધર્મ કહો. શરત એટલી જ કે સત્યની પ્રાપ્તિ માટે મથનારા દરેક ધર્મોમાં રહેલ સત્યની વિશિષ્ટ બાજુના દર્શન કરવાની એની ઉદાર દષ્ટિ ખુલેલી હોવી જોઇએ. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ મુજબ દરેકનું મહત્ત્વ વધતું ઘટતું રહે એ એક જુદી વાત.

સ્યાદ્વાદ–અનેકાંતવાદનું આ ગુઢ રહસ્ય છે. સમન્વય સાધવો એ એનું લક્ષણ છે. આ કારણે ભિન્ન ભિન્ન તત્ત્વ વિચારણાઓનો સમન્વય કરવાની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે પદ્ધતિ શાસ્ત્રોએ શીખવી છે એ "નય" કહેવાય છે અને વિચાર માન્યતાનો સમન્વય કરવાની જે પદ્ધતિ કહેવામાં આવી છે, એ સપ્તભંગી કહેવાય છે. આમ શાસ્ત્રકારે તત્ત્વમાન્યતા અને વિચાર માન્યતાઓ વચ્ચે સુમેળ સાધવા અનેકાંતવાદનો જે વિકાસ કર્યો છે એમાંથી ઉપરની પદ્ધતિઓ નિર્માણ થઇ આવી છે.

"નય" વસ્તુઓના એકાદ અંશને જ સ્પર્શે છે. એવા ૭ નયો યોજવામાં આવ્યા છે.

૧. **નૈગમનય**:-જે વિચાર લોકરૂઢિ, લૌકિક સંસ્કારને પ્રાધાન્ય આપે તે.

૨. **સંગ્રહનય**: જે સમુહગત ભાવના-ધર્મને પ્રાધાન્ય આપે તે.

૩. વ્યવહાર નયઃ-જે વ્યવહાર દૃષ્ટિએ વિચારવામાં આવે તે.

૪. ઋજુસૂત્ર નયઃ-જે કેવળ વર્તમાનનો જ વિચાર કરે તે.

૫. શબ્દ નયઃ-જે કેવળ શબ્દાર્થને જ વળગી રહે તે.

૬. **સમભીરૂઢ નયઃ**-જે શબ્દાર્થને નહી પણ ભાવાર્થને સ્વીકારે તે.

૭. **એવંભૂત નયઃ**-જે વિચાર, શબ્દથી ફલિત અર્થ ઘટતો હોય ત્યારે જ તે વસ્તુને તે રૂપે સ્વીકારે, બીજે વખતે નહીં, તે.

આ નયનું બીજું નામ નિશ્ચય નય પણ કહેવાય છે, જે વ્યવહાર દષ્ટિએ નહીં પણ આત્મદષ્ટિએ-અંતિમ સત્યની દૃષ્ટિએ વિચારે તે.

ભંગીઓ એટલે અપેક્ષાભેદે વિચાર-જે પણ સાત છે. તે જુદી જુદી રીતે વિચાર કરવાની પદ્ધતિ છે. જેમ કે:—

૧. **स्यादस्ति** અમુક અપેક્ષાએ, છે. સંપૂર્ણ કર્મ-માયા યા અજ્ઞાનથી જે મુક્ત છે-તે ઇશ્વર છે.

૨. **स्यान्नास्ति** અમુક અપેક્ષાએ, નથી. પણ જગત્કર્તૃત્વની દૃષ્ટિએ એવો કોઇ ઇશ્વર નથી.

૩. **स्यादस्ति स्यान्नास्ति** અમુક અપેક્ષાએ, વસ્તુ છે પણ ખરી, નથી પણ ખરી. આમ ઇશ્વર છે પણ ખરો, અને નથી પણ ખરો.

૪. **स्याद्व्यक्तव्य**: અમુક અપેક્ષાએ, અવક્તવ્ય છે. ઇશ્વર છે અને ઇશ્વર નથી એમ બંને વર્ણનો સાથે બોલી શકાતો નથી માટે "અવક્તવ્ય" છે.

૫. **स्यादस्ति स्याद् व्यक्तव्य**: અમુક અપેક્ષાએ, છે છતાં એ વક્તવ્ય છે. અમુક અપેક્ષાએ ઇશ્વર છે પણ એનું સ્વરૂપ કહી શકાય એવું નથી જેથી અવક્તવ્ય છે.

૬. **स्यान्नास्ति स्याद्व्यक्तव्य** : અમુક અપેક્ષાએ નથી, જેથી અવક્તવ્ય છે. અમુક અપેક્ષાએ ઇશ્વર નથી પણ એનું સ્વરૂપ ન વર્ણવી શકાય તેમ હોઇ અવક્તવ્ય છે.

૭. **स्यादस्ति च स्यान्नास्ति च** અમુક અપેક્ષાએ, છે ખરો, નથી પણ ખરો. જેથી અમુક અપેક્ષાએ ઇશ્વર છે પણ ખરો, નથી પણ ખરો છતાં એનું વર્ણન ન થઇ શકવા યોગ્ય હોઈ અવક્તવ્ય છે.

અંદરોઅંદર ઝઘડતા ભિન્ન ભિન્ન વાદો-મતોને સાંધવાનો અને એ રીતે બધા વચ્ચે સુમેળ સ્થાપી એની કલ્યાણકારી પ્રવૃત્તિને વેગ આપવાનો સ્યાદ્વાદના આ અલૌકિક-ભવ્ય સિદ્ધાંતે જગત ઉપર ભારે ઉપકાર કર્યો છે. એમ છતાં એના પર પ્રહારો પણ કાંઈ ઓછા નથી થયા.

વેદવ્યાસ-શંકરથી માંડી દયાનંદ સુધીના સર્વે ધર્માચાર્યોએ એના અભેદ્ય સિદ્ધાંત પર "**जले शीतोष्णत्वात्**" જેમ પાણીમાં શીત અને ઉષ્ણ બન્ને ભાવ સાથે રહી શકતા નથી તેમ **एकस्मिन् नैव संभवात्** એક વસ્તુમાં બે વિરોધી ધર્મો એકી સાથે ન રહી શકે શબ્દો દ્વારા પ્રહારો કરી એનું ખંડન કરવાનો પ્રયત્ન કર્યો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ વ્યાસ-શંકરાચાર્ય જેવા સમર્થ પુરૂષો "સ્યાદ્‌વાદ"ને સમજ્યા જ નહોતા. જૈનધર્મ પણ એમની જેમજ **जले शीतोष्णत्वात्** જળમાં શીત ઉષ્ણ બન્ને ભાવ એકી સાથે રહી ન શકે એમ જ માને છે પરંતુ જૈન દર્શનનું આ બાબતમાં એટલું કહેવું છે કે અમુક અપેક્ષાએ જ એમાં શીત ઉષ્ણ ભાવ સમજાય છે. જેમકે અ-બ-ક નામની ૩ ડોલો પાણીથી ભરેલી છે. અ-માં ૫૦ ફેરનહાઈટ ડીગ્રીની ગરમીવાળું પાણી છે, બીજી બ-માં ૮૦ ફેરનહાઈટ અને ત્રીજી ક-માં ૧૧૦ ફેરનહાઈટ ગરમીવાળું પાણી છે. ક-ની અપેક્ષાએ બ-નું પાણી ઠંડુ છે અને અ-ની અપેક્ષાએ બ-નું ગરમ છે. ક-ડોલના પાણીથી નાહનાર બ-ના પાણીને ઠંડુ કહેશે અને અ-વાળો ગરમ કહેશે. ઢાલની બંને બાજુની જેમ અપેક્ષાભેદે જોવાની આ કેવળ એક પદ્ધતિ છે. અને તે જ સ્યાદ્‌વાદની ખૂબી છે.

સ્યાદ્વાદ "આ પણ સાચું અને તે પણ સાચું" કહી કોઇ ચોક્કસ વિચાર આપતું નથી એથી એ અનિશ્ચયવાદ છે એમ ઘણા માને છે પણ તે પણ એક મોટી ભૂલ છે. સ્યાદ્વાદ અનિશ્ચયવાદ નથી પણ અનેક નિશ્ચયોનો સમૂહ હોઇ અનેક નિશ્ચયોનો સંગ્રહ છે. જેમકે હું મારા પુત્રની દૃષ્ટિએ પિતા છું. પિતાની દૃષ્ટિએ પુત્ર છું. મામાની દૃષ્ટિએ ભાણેજ છું અને ભાણેજની દૃષ્ટિએ મામો છું. આમ હું અનેક નિશ્ચયોનો સમૂહ છું. પણ તે અપેક્ષાભેદે. પણ મને કોઇ પુછે કે તમે પિતા છો કે પુત્ર, મામા છો કે ભાણેજ? તો હું એ બધા પ્રશ્નોના એક સમયે "હા" કે "ના"માં એક જ ચોક્કસ ઉત્તર ન આપી શકું એથી એ કંઇ અનિશ્ચયવાદ સિદ્ધ થતો નથી.

આમ છતાં આનંદની વાત એ છે કે સ્યાદ્વાદનું ખંડન કરનાર શ્રી આદ્ય શંકરાચાર્યે પણ બ્રહ્મનાં, સત્, અસત્ અને પ્રતિભાસ એવાં ત્રણ સ્વરૂપો સ્વીકારી તેમજ **सदात्मना एव सत्यम्, स्वरतु अनृतम्** । (છાંદો. ઉપનિષદ-૬-૩-૨) શબ્દો દ્વારા છાંદોગ્ય ઉપનિષદના ભાષ્યમાં બ્રહ્મનું આત્મદૃષ્ટિએ સત્ય અને વ્યવહાર દૃષ્ટિએ અસત્ય, એમ ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુથી નિરૂપણ કરી સ્યાદ્વાદનું જ સમર્થન કર્યું છે.

શ્રી શંકરાચાર્યની જેમ અદ્વૈતમાર્ગના આચાર્યોએ પણ બ્રહ્મના સ્વરૂપને જે ભિન્ન ભિન્ન રીતે વર્ણવ્યું છે એ પણ સ્યાદ્વાદનું જ મહત્ત્વ સ્થાપિત કરે છે. કારણ કે શંકરાચાર્યે બ્રહ્મનું કેવલાદ્વૈત રૂપે, રામાનુજે વિશિષ્ટાદ્વૈતરૂપે, વલ્લભાચાર્યે શુદ્ધાદ્વૈતરૂપે, વિજ્ઞાન ભિક્ષુએ અવિભાગાદ્વૈતરૂપે, કંઠાચાર્યે શક્તિ વિશિષ્ટાદ્વૈતરૂપે, ભટ્ટ ભાસ્કરે ઔપાધિક ભેદાભેદરૂપે, નિંબકાચાર્યે ભેદાભેદ વાદરૂપે અને માધ્વાચાર્યે ભેદવાદી રૂપે-એમ આઠે આઠ અદ્વૈતાચાર્યોએ ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુએ બ્રહ્મનું વર્ણન કર્યું છે.

આમ સ્યાદ્વાદ એક મૌલિક સિદ્ધાંત છે એનો ઉપયોગ જો આપણે ઉદારતાપૂર્વક વ્યવહારમાં કરીએ તો વિરોધીઓના વિચારોને સમજી-એને માન આપી પાસે પાસે આવ્યા જેવું હૃદય સાંધી શકીએ અને એ રીતે વિચારોના ગજગ્રાહને મોળો યા શાંત પાડી સુમેળભર્યો નવો વિચાર પણ મેળવી શકીએ. અને એમ થાય તો જ વિશ્વના શાંતિયજ્ઞમાં આપણે કાંઇક ફાળો પુરાવી શકીએ. રાષ્ટ્રપિતા ગાંધીજી લખે છે કે "જૈન ધર્મ સ્યાદ્વાદનો પૂજારી છે અને સ્યાદ્વાદની સહાયથી જ મેં મારા પૂરતી ધર્મો માત્રની એકતા કરી છે" "આવો અનેકાંતવાદ મને બહુ પ્રિય છે, કારણ કે એનું મૂળ અહિંસા અને સત્યનું યુગલ છે" (વાંચો "સત્ય એ જ ઇશ્વર" લે. ગાંધીજી).

અને આપણે જોઇએ છીએ કે ગાંધીજીના આગમન પછી જ ધર્મો પ્રત્યેની આપણી ઉદારતા વધી છે એ ઉદારતાનું કારણ સ્યાદ્વાદને વ્યવહારમાં મળેલું સ્થાન છે. અને એ સ્થાન અપાવનાર ગાંધીજી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવન અને મૃત્યુ

લેખક : ફત્તેહચંદ ઝવેરભાઈ શાહ

ખાસ કરીને આ વિલાસપ્રિય જમાનામાં પ્રવૃત્તિઓની એટલી બધી પરંપરાઓ વધી પડી છે કે જ્યાં આદર્શ જીવન કેવું હોવું જોઈએ, તત્સંબંધી વિચાર કરવાનો પણ અવકાશ રહેતો નથી. આપણે પોતે જ એ વિચારના પ્રતિબંધક સંયોગો ઊભા કરેલા છે. અને એ સંયોગોને આપણી નિર્બળ માનસિક સ્થિતિઓ આધીન થતાં સત્ય સ્વરૂપ તપાસવાની દરકાર નહીં હોવાથી જીવનનું અમૂલ્ય રહસ્ય પામવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થતું નથી. જીવનનું રહસ્ય વિચારવાને માટે આપણે આત્માને તેની નિર્બળતા અને ઉપાધિઓથી થોડો વખત મુક્ત કરી એને અનેક દૃષ્ટિબિંદુઓથી તપાસવો જોઈએ. આ ક્રિયાવડે માનવ જન્મનું અમૂલ્ય તત્ત્વ પ્રકટ થતાં આત્મામાં એવી અનિવાર્ય જાગૃતિ પ્રકટ થાય છે કે જે દ્વારા તે નિરંતર ઉચ્ચ-ઉચ્ચતર દૃષ્ટિબિંદુઓનું લક્ષ્ય કરી પ્રગતિ કરતો જાય છે અને સ્વહિત અને પરહિતનું પારમાર્થિક તત્ત્વ સમજતાં તે કૃતકૃત્ય થાય છે.

આજે જે વિષય સંબંધી અત્ર વિચારણા ઇષ્ટ ગણી છે તે એવો સબળ વિષય છે કે જેમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાનની સર્વે ભાવનાઓનું સંપૂર્ણ રીતે સંક્રમણ થઈ શકે તેમ છે. શ્રીમદ્ **વીરપરમાત્માએ** ગણાધિપ **ગૌતમને उप्पन्नेइवा-विगतेइवा-धुवेइवा** એ ત્રણ શબ્દોથી જગતના વાસ્તવિક સ્વરૂપનો બોધ આપ્યો તે શી રીતે? તેમાં જગતનું સર્વ સ્વરૂપ સમાઈ જાય છે. જીવવું અને વિનાશ પામવો એ પ્રત્યેક પ્રાણી-પદાર્થના માટે નિર્મિત છે. અન્ય સ્થળે જડ વસ્તુઓના પ્રસંગમાં ઉત્પત્તિ અને લય એ શબ્દો વપરાય છે. વસ્તુતઃ જીવન એ ઉત્પત્તિ છે અને મૃત્યુ એ વિનાશ છે. વસ્તુસ્થિતિ આમ હોઇ આ વિષય પરત્વે યથાશક્તિ કાંઇક વિચારીએ અને એ દ્વારા આત્મજાગૃતિનો પ્રસંગ પ્રાપ્ત થાય તો એના જેવું જગતમાં બીજું કયું સુભાગ્ય છે!

પ્રકટપણે આ પૃથ્વી ઉપર બે દૃશ્યો છે. એક તો સૂતિકાગૃહ અને બીજું સ્મશાન. જો કે કુદરતની લીલાઓમાં હિમાલયાદિ પર્વતો, ગંગા વગેરે નદીઓનું સમુદ્ર સાથે સંગમસ્થાન, આંબા વગેરે વૃક્ષોની મંજરીઓ, તેમજ પુષ્પલતાઓ ગણતરી વગરની છે તેમજ મનુષ્યના બનાવેલા હેરત ભરેલા કૃત્રિમ નમૂનાઓ જેમકે વિમાનો, તાજમહેલો, કિલ્લાઓ, મોટરકારો, તારયંત્રો વગેરે પણ દર્શનીય સ્થાનો છે. પરંતુ આ દૃશ્યો સર્વ સ્થાનોનું કેંદ્ર છે. પાણીમાં જેમ પરપોટાઓ ઉત્પન્ન થાય છે, અને તે ઘડી પછી તેમાં જ સમાઇ જાય છે, તેમ આ પૃથ્વીના વિશાળ ક્ષેત્રમાં સૂતિકા અને સ્મશાનરૂપ-સ્થાનોમાં દર પળે અને દર મુહૂર્તે કેટલા પ્રાણીઓનો ઉદય અને અસ્ત થયા કરે છે? જે પૂર્વે હતું, તે ચાલ્યું જાય છે અને જેની ગણના સ્વપ્નમાં પણ ન હોય, તે આપણી સમક્ષ આવી આપણા હૃદય ઉપર સ્થાન લે છે.

જન્મ-મૃત્યુ-ઉત્પત્તિ-લયનો આ પ્રકારે ગતિ આગતિથી સંકળાયેલો વિષય આપણને બે ગંભીર પ્રશ્નો ઉદ્‌ભવાવે છે; એક તો એ કે જેઓ આ જગતમાં અસ્તિત્વમાં આવ્યા અને જેમણે અનેક પ્રાણીઓના સમાગમમાં આવી પૃથ્વી ઉપર પોતાનું જીવન ચિરકાળ પર્યંત અંકિત કર્યું, તેઓમાં ખરૂં જીવન કોનું હતું? અને બીજું મૃત્યુ પછીની તેમની સ્થિતિ કેવી હોઈ શકે? આ બે પ્રશ્નોમાં જીવન અને મૃત્યુના વિષય પરત્વેની આપણી ભાવના સંકલિત થયેલી છે.

જનસમાજમાં સાક્ષર તરીકે પ્રસિદ્ધ થયેલા પ્રોફેસર મણિલાલ નભુભાઇ કહે છે કે "પુરુષાર્થહીન જીવન મૃત્યુ કરતાં પણ અધિક દુઃખતર છે." આ ઉપરથી એમ ફલિત થાય છે કે એક મનુષ્ય જીંદગીને અંતે તેને મળેલી પંચેંદ્રિયની સંપૂર્ણતાથીજ એ મનુષ્ય તરીકે ગણાવા લાયક નથી, પરંતુ બુદ્ધિના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિકાસ પ્રમાણે યોગ્યતા અનુસાર વિવેક કરી, જેઓ આ જગતમાં પોતાના વર્તનને સુંદર અને સ્વાર્થ-ત્યાગની ભાવનાવાળું બનાવે છે, તેમનું જીવન તે જ ખરેખરૂં જીવન છે.

મનુષ્ય સૂતિકાગૃહનો આનંદકોલાહળ સાંભળી અધીર અને ઉન્મત્ત બની જાય છે. અને તેથી જીવન મૃત્યુના તત્ત્વો વિષે વિચાર કરવાનો અવકાશ ન મળે એ સ્વાભાવિક છે. તેમજ જેઓનો જીવન પ્રવાહ યુવાનીમાં નદીના નવા પૂરની માફક ખળખળ કરતો વહી જતો હોય છે, એવા પુરુષો પણ જીવનના ઉપરોક્ત ઉદ્દેશની પરવા ન રાખે એ પણ બનવાજોગ છે; પરંતુ શિયાળો-ઉનાળો અને ચોમાસું-બાળ, યુવાન, વૃદ્ધાવસ્થા તેમજ મનના અનેક પ્રકારના સ્થિતિભંગો તરફ નજર કરતાં સ્મશાનના ભીષણ દેખાવને પણ ધ્યાનમાં લેવો. જેઓ સ્મશાનને છેવટનું સ્થાન માને છે, તેઓ મૃત્યુના સંબંધમાં ઉદાસીનતા બતાવવાનું પસંદ કરે જ નહીં.

**गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत् ।**

એ વાક્યનો યથાર્થ નિર્દેશ કરનારનું લક્ષ્યબિંદુ જન્મેલા પ્રાણીઓના છેવટના સ્થાન ઉપર ટકી રહે છે. અને તે લક્ષ્યબિંદુ તેનામાં નવીન ભાવના ઉત્પન્ન કરાવી પુરુષાર્થપ્રેમી-સ્વધર્મ પરિપાલનમાં નિરંતર જાગૃતિ ઉત્પન્ન કરે છે.

જન્મધરી જેમણે ખાવું, પીવું અને એશ-આરામ ભોગવવો એવો નિર્ણય કરી લીધો હોય તેમને, મનુષ્યના સુખદુઃખમાં ભાગ લઈ માનવ-જન્મને સાર્થક કર્યો છે તેમને, મયુરસિંહાસન ઉપર બેસનારા, કોમળ શય્યામાં સુનારા, મશ્કરીથી માનવ-જન્મને સાર્થક માનનારા-એ સર્વેને સ્મશાનમાં જ સમાવું પડ્યું છે.

ત્યારે હવે પુરુષાર્થપરાયણ થવું-એ આ ઉપરથી સ્પષ્ટ થાય છે. કારણ કે પ્રત્યેક જડ વસ્તુ પણ ઉત્પત્તિ સાથે વિનાશમય છે.-એમ પ્રત્યેક મનુષ્યને સૂચન કરે છે. જેવું મનુષ્યને પોતાના વ્યક્તિને માટે પોતાનું અસ્તિત્વ સૂચવે છે, તેવું જ પ્રત્યેક પદાર્થ પણ સૂચન કરી રહ્યું છે. પરંતુ જાગૃતિનો અપૂર્વ પ્રસંગ બહુ જ ઓછા મનુષ્યો પ્રાપ્ત કરી શકે છે. જીવન મૃત્યુની વિકટ ભાવના ઉપર વિચાર ચલાવી બુદ્ધિબળમાં જીવનને મર્યાદિત કરવું એમાં ખરેખર આત્મગૌરવ રહેલું છે.

**સ્થૂલભદ્રજીએ** બ્રહ્મચર્ય પાલનમાં પુરુષાર્થનો વિકાસ કર્યો, ત્યારે બીજી તરફ **ગજસુકુમારજીએ** પરિષહો સહન કરી દેહ અને ચિત્તદમનમાં પુરુષાર્થ-દ્વારા જય મેળવ્યો. આવા પુરુષાર્થપરાયણ કૃતકૃત્ય મહાત્માઓનાં દૃષ્ટાંતો શાસ્ત્રોમાં સ્થળે સ્થળે મોજુદ છે. માત્ર આપણી જડ થયેલી દૃષ્ટિ તેને યથાર્થ સ્વરૂપે જોઈ શકતી નથી એ જ ખામી છે. પુરુષાર્થ-દ્વારા આત્મિક ગુણોનો વિકાસ કરનારાઓ સ્થૂળ દેહથી મૃત્યુ પામ્યા હોવા છતાં જીવન્ત છે એમ આપણે શાસ્ત્રદ્વારા દૃષ્ટિ વિકાસ કરીને કહી શકીએ એમાં ખોટું નથી. કેમકે તેઓએ જે ગુણોની પ્રણાલિકા પોતાના માટે નિર્માણ કરી બીજાઓને આશ્ચર્ય-મુગ્ધ બનાવ્યા છે, એ ગુણોનું આપણી નિર્મળ દૃષ્ટિ થયા પછી ગ્રહણ થાય છે અને એમને જીવન્ત સ્વરૂપમાં અનુભવાય છે; પણ આ સ્થિતિને માટે આત્મિક વિકાસમાં દરરોજ આગળ વધી તૈયાર થવું જોઈએ.

વૈજ્ઞાનિક દૃષ્ટિએ તપાસતાં પણ ખુલ્લી રીતે સ્પષ્ટ થાય છે કે જગતમાં કોઈ વસ્તુનો વિનાશ નથી. વસ્તુ માત્રની ધ્રુવ-અચલ મર્યાદા છે. આપણે ઐતિહાસિક પરંપરાથી જોઈએ છીએ કે જે ઠેકાણે એક વખત પહાડ હતો તે ઠેકાણે હાલ સમુદ્ર ગર્જના કરી રહ્યો છે અને જે સ્થાને સમુદ્ર હતો તે સ્થાને પર્વત ઊભો છે. સ્થૂળ દૃષ્ટિથી એમ કહેવાય કે પહાડ અને સમુદ્રનો ધ્વંસ થઈ ગયો છે. પરંતુ વિજ્ઞાન કહે છે કે પહાડ અને સમુદ્રના જે અણુઓ હતા તે અનેક પરિવર્તનો છતાં કાયમ છે. મતલબ, જે જે આપણે નાશ પામેલું માનીએ છીએ તેનું એકપણ અણુ વિલુપ્ત થતું નથી.

ત્યારે શું પ્રત્યેક મનુષ્ય સ્મશાનની સ્થિતિ પ્રાપ્ત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થયા પછી વિનાશી છે? વિજ્ઞાન આ પ્રશ્નનો ઉત્તર નકારમાં આપે છે, કેમકે જો કે મનુષ્ય તરીકેનું અસ્તિત્વ જગત ઉપર મોજુદ નથી રહ્યું, પણ જે ગુણોનો આવિર્ભાવ જગતની દૃષ્ટિએ સન્મુખ પડ્યો છે તે ગુણોને અંગે તે મનુષ્યનો વિનાશ નથી, કિંતુ અસ્તિત્વ છે. કાવ્યમાં, સાહિત્યમાં, શિલ્પમાં, સંગીતમાં, દાનમાં, શીલમાં, તપમાં કે ભાવનામાં અનુરક્ત થયેલો મનુષ્ય તે તે પરિસ્થિતિઓને સિદ્ધ કરી એવી અપૂર્વ કળા પ્રગટાવે છે જે અનેક જમાનાઓ સુધી મનુષ્ય હૃદયને હચમચાવે છે અને નવજીવન પ્રગટાવે છે.

શ્રીમદ્ આનંદઘનજી અને સિદ્ધર્ષિગણિની પદ્યગદ્ય રચનાઓ શું આ સૃષ્ટિમાં તેઓ જીવતા છે એવું ભાન આપતા નથી? મહાત્મા **વીર** પ્રભુનો અચળ સંદેશો શ્રવણ કરતાં આપણે આપણા ચોવીસસો વર્ષ પહેલાંના પડદાને ઉચકવો જોઈએ અને તેઓ આપણી સમક્ષ હોય તેમ ભક્તિભાવથી પ્રણતિ પરંપરા કરવી જોઈએ.

નિરપરાધી પશુઓનો ઉદ્ધાર કરનાર અને નિર્વિકારી બાલબ્રહ્મચારી નેમિનાથજી અત્યારે યુગોના યુગો વીતવા છતાં મનુષ્યોનાં હૃદયમંદિરમાં વિરાજે છે. સુદર્શન શેઠ, જંબૂકુમાર અને મેઘકુમાર વગેરે અનેક પુરુષો સાથે આપણો આત્મા વિનિમય કરવા ઇચ્છે છે તેનું કારણ તેમના જુદી જુદી દિશામાં પ્રકટેલા ગુણોને જ આભારી છે. આ અવસર્પિણી કાળમાં અનેક મહાસત્ત્વો જન્મ અને મૃત્યુની ચીલાવાળી પદ્ધતિને પ્રાપ્ત કરી ગયા છતાં જીવનને જાગૃતિ અર્પનાર જે ગુણો વડે આ ભૂમિને ઉજ્જવળ કરી ગયા છે અને જેમણે પોતાના વ્યક્તિમય જીવનને સમષ્ટિમય બનાવ્યું છે, તેઓ અત્યારે ભલે આપણી મધ્યમાં મોજુદ ન હોય તો પણ અંતઃકરણમાં તેઓ ઉપસ્થિત છે. ખરી પરમાર્થ વિદ્યાનું રહસ્ય એ છે કે મૃત્યુ તેમને સ્પર્શ કરી શક્યું નથી, ગુણો વડે તેઓ જીવંત છે. માત્ર કાળની ચેષ્ટાને તેમનો ભૌતિક દેહ આધીન થયેલો છે. હવે આપણે જીવનમાં વિવિધ પુરુષાર્થનું કયા દૃષ્ટિબિંદુઓમાં સ્થાન છે. તે વિચારશું.

જીવનમાં પુરુષાર્થનું સ્થાન વિચારવાની સાથે જે ભૌતિક ભાવના-જડવાદ મનુષ્ય બંધારણમાં મૂળ ઘાલીને પેઠેલો છે, તે તરફ પ્રથમ દૃષ્ટિક્ષેપ કરવાની જરૂર છે. એ તો ચોક્કસ સિદ્ધ છે કે અને શાસ્ત્ર પણ પુનઃ પુનઃ એ જ નિવેદન કરે છે કે જીવ-જડનો વિવેક સમજ્યા વગરની જ આ કાળે આપણા આત્માની પરિસ્થિતિનું નિયમન હોઈ, આપણી ભાવના જડવાદના રંગથી ઓતપ્રોત છે. ચાલી આવતી પૂર્વજન્મની કુવાસનાઓ તેમજ જે વાસનાઓ આ જન્મમાં દૂર થવા યોગ્ય છે અને જે સહજ પ્રયત્ને દૂર કરી શકીએ તેવા વિકાસવાળી સ્થિતિમાં છીએ-એ વાસનાઓ આપણે એવા સંયોગોમાં વધવા દીધી છે કે તે વાસનાઓ દૂર કરવાને બદલે, આપણે તેમને પોષણ આપતા આવ્યા છીએ; પરંતુ જે ભૌતિક ભાવના આત્મા ઉપર અવિરતપણે સત્તા જમાવી રહી છે તેનું કેંદ્રસ્થાન અંતગવલોકન વગર જાણી શકાય તેવું નથી.

પુરુષાર્થમય જીવનવાળી વ્યક્તિઓનાં વૃત્તાંતથી ભરપૂર ઇતિહાસ જનસમાજને કહે છે કે "તું ભલે આ જગતમાંથી ચાલ્યો જઈશ, પરંતુ હું તને કદાપિ ભૂલી જઈશ નહિ." જ્યારે ઇતિહાસનો આ મધુર સ્વર વિકાસ પામેલા મનુષ્યના હૃદયમાં નવજીવન પ્રેરે છે, ત્યારે મનુષ્ય જડ ઘાલી બેઠેલી જડવાદની ભાવનામાંથી ટટ્ટાર થાય છે અને સમજી શકે છે કે જગત મને ભૂલી જશે પરંતુ મારા પુરુષાર્થમય જીવનને અમર ઇતિહાસનાં પૃષ્ઠો તો સાચવી રાખશે. પરંતુ આ ઉપરથી એ સિદ્ધ થતું નથી કે એ મનુષ્ય ભવિષ્યના ઇતિહાસને માટે અથવા અમર યાદગીરીની ખાતર સ્વકર્તવ્ય સિદ્ધ કરવા પ્રેરાય છે. મતલબ કે તેને પોતાને તે પરિસ્થિતિ સાથે કાંઇપણ લાગતું વળગતું નથી. પરંતુ કાળના સ્વભાવ અનુસાર એ જીવન અને તેની ભાવના જળવાઇ રહે છે; એ અહીં સત્ય સમજવાની ખાતર કુદરતનો એક વિશિષ્ટ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રકારનો નિયમ અંકિત કરી પુરુષાર્થમય જીવન વાસ્તવિક જીવન તરીકે દર્શાવવામાં આવેલું છે જીવનનાં દૃષ્ટિબિંદુઓનો વિવેક પુરઃસર નિર્ણય કરી લઈ પૃથ્વીમાં ગમે તે સ્થાને રહી મનુષ્યપણાનો ઉચ્ચ આદર્શ (ideal) જગત સમક્ષ રજૂ કરવો, માનુષી શક્તિનો વિકાસ કરવો, અને જનસમાજની ઉન્નતિમાં પ્રતિપળ હાજર રહેવું–એ પુરુષાર્થના ઉત્તમ ભાવનાનું અને તેને નિભાવવાનું રહસ્ય છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો નીતિશાસ્ત્રકારે આપણી સમક્ષ ચોક્કસ પ્રકારના નિર્ણય પછી રજૂ કરેલા છે. પરંતુ એ પુરુષાર્થો વિવેક દૃષ્ટિ (analytical eye) માં જેટલે અંશે સમાય તેટલે અંશે ચરિતાર્થવાળા છે. દૃષ્ટાંત તરીકે અર્થનું ઉપાર્જન હિંસા અને અસત્યનાં કાર્યોને જન્મ આપતું હોય, ધર્મને નામે જીવનકલહો ઉત્પન્ન થવાની સાથે સમાજભાવના છિન્નભિન્ન થતી હોય, વિષય સેવન મર્યાદાને ઉલ્લંઘી મનુષ્ય જીવનને મૃત્યુની છાયાને છાઈ દેતું હોય–તો નીતિશાસ્ત્રકાર એ સ્થિતિમાં પુરુષાર્થ કદી કહેતા નથી. આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે "જીવનનું પ્રત્યેક કાર્ય નીતિ અથવા ધર્મની પુષ્ટિ કરનારું હોય તો જ પુરુષાર્થ નામને સુઘટિત છે.

મનુષ્યનો મોટો વિભાગ પ્રાપ્ત થયેલા દશ પ્રાણો તેજ જીવવાનું સાધન અને એ દશ પ્રાણોનું અસ્તિત્વ હોય ત્યાં સુધી જ જીવન અને તેની સમાપ્તિમાં જ જીવનની સમાપ્તિ માને છે. અને એ સ્થૂલદૃષ્ટિએ એમને માટે યોગ્ય છે. પરંતુ બુદ્ધિના પ્રદેશ ઉપર વિહરવાથી–એ દશ પ્રાણોમાં જીવનની માન્યતા માત્ર આરોપિત માન્યતા જણાશે.–એમ શાસ્ત્રના અભ્યાસના સૂક્ષ્મ અવલોકનથી સિદ્ધ થવું જોઇએ.

જીવનના પ્રત્યેક વિભાગમાં ઇંદ્રિય અને મન–જે વડે જીવનની હયાતી અત્યાર સુધી માનેલી છે, તે ઇંદ્રિયો અને મન આત્માને શુભાશુભ ફળની પ્રાપ્તિ માટેનાં સાધનો માત્ર છે. શરીર શક્તિ જગતમાં રહેલા સ્વયોગ્ય પદાર્થોનો સ્પર્શદ્વારા અનુભવ કર્યે જાય છે, જીહ્વા સ્વાદથી વસ્તુઓમાં સુખદુઃખની ભાવના સ્થાપે છે, નાસિકા ગંધદ્વારા સ્વશક્તિની મર્યાદા સિદ્ધ કર્યે જાય છે, આંખ નિરીક્ષ્ય વસ્તુઓને સમીપ રાખી હર્ષશોકમાં તલ્લીન બનાવે છે. અને મન પણ પ્રત્યેક પળે કાંઇને કાંઇ ચિંતવનમાં મસ્ત થયેલુ હોય છે. આ પ્રમાણે નિરંકુશપણે આત્મા એ સાધનોને કામે લગાડતો હોવાથી, જો કે તે શક્તિ વિશેષ હોવાથી–સ્થૂલ દૃષ્ટિએ કેટલાક પુરુષાર્થ માની લે છે, પરંતુ એ ભાવનાની પાર જઈ વિચારવાની આવશ્યકતા છે કે પુરુષાર્થ હમેશાં વિવેકદૃષ્ટિના વર્તુળમાં જ રહે છે. પૂર્વોક્ત ઇંદ્રિયો અને મનની પરિસ્થિતિઓ ચોક્કસ આકારમાં મર્યાદામાં સુશ્લિષ્ટ થાય અને એવી પરિસ્થિતિમાં નાનામાં નાના પુરુષાર્થને જન્મ આપે તો પણ–એ પુરુષાર્થમય જીવન વાસ્તવિક જીવન ગણાવા યોગ્ય છે.

અમુક મંતવ્યો તરફ જવાના ઉદ્દેશ પૂરતી વિવેકદૃષ્ટિ શાસ્ત્રના સૂક્ષ્મ અવલોકન દ્વારા જાણી શકાય છે અને જો તે અમુક પદ્ધતિથી શરૂ થાય તો બહુ અસરકારક અને ફળપ્રદ નીવડે છે. કેટલાએક મનુષ્યો વિજ્ઞાનવિદ્યાની સિદ્ધિમાં જ પુરુષાર્થ માની લે છે, કેટલાએક ક્રિયાકાંડોમાં જ મશગુલતાને જીવન-કર્તવ્ય માની લે છે, અને અભિમાન, મશ્કરીઓ અને એવી જ બીજી વાસનાઓને આધીન થઈ પુરુષાર્થમય જીવન માનતાં કેટલાએક કેટલી ગંભીર ભૂલ કરતા હોય છે–એ આથી હવે સ્પષ્ટ થશે. જેમના હૃદયની ભાવનાઓ અને કાર્યો ઇતિહાસમાં અમર પૃષ્ઠો ઉપર જ્યોતિર્મય અક્ષરે કોતરાઇ રહેલાં છે, અને રહે છે, તેઓ જ વાસ્તવિક–પુરુષાર્થમય જીવનવાળા છે. તેઓ મરી જવા છતાં આ મૃત્યુ-લોકમાં અમર રહી જાય છે. અનેક જાતની આસમાની સુલતાનીઓ આ જગત ઉપર ઉથલપાથલ કરે છે છતાં તે મહાત્માઓના નામને કોઈપણ જાતનો ફેરફાર ભુંસી શકશે નહીં. અનિત્યતાના પ્રબળ તોફાનમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ એ પ્રભાવશાળી મનુષ્યો હંમેશાં નવયુવક રૂપે અમર રહેશે.

આ ઉપરથી આપણે 'જીવન બે પ્રકારના છે.' એવા નિર્ણય ઉપર આવીએ છીએ—પશુજીવન અને માનવજીવન. પશુ જેવું વર્તન જ્યાંસુધી આપણું હોય છે, ત્યાંસુધીમાં આપણે મનુષ્ય છતાં પશુ ગણાવા યોગ્ય છીએ; એવી જ રીતે મૃત્યુના પણ બે પ્રકારો શાસ્ત્રમાં કહ્યા છે, એ આપણી દૃષ્ટિ સમીપ વિચારણામાં આવી શકે છે અને તે બાળમૃત્યુ અને પંડિતમૃત્યુ. પશુજીવન ગાળી દશ પ્રાણથી વિમુક્ત થવું એ બાળમૃત્યુની ગણનામાં આવે છે, જ્યારે આધ્યાત્મિક પુરુષાર્થમય જીવનવાળાનો બાહ્ય પ્રાણોનો ત્યાગ એ પંડિતમૃત્યુની કોટિમાં આવે છે.

આવી સ્થિતિમાં જીવન-મૃત્યુની ભાવના સિદ્ધ કરી, પુખ્ત વિચાર કરી જીવનનાં દૃષ્ટિબિંદુઓની ગ્રંથિઓ જુદા જુદા અનુભવથી આપણે ઉકેલવાની છે અને એ ઉકેલવા ઉપર આપણા બાળ અને પંડિત મૃત્યુનો આધાર રહેલો છે. વિશ્વધર્મની સાથે આપણી ઇચ્છા જ્યારે મેળ ખાય ત્યારે જ આપણે ખરેખરા પુરુષાર્થશ્રેણી બની શકીએ. વિવિધ પ્રકારના પૂર્વ પરિમિત આસક્તિઓના બળથી આપણી પ્રકૃતિ લગભગ પત્થર જેવી કઠોર થઈ ગઈ છે; એ પાષાણ ફાટવાને માટે આપણા મનોબળને તીવ્ર કરવું જોઇએ; એ ફાટવાની સાથે જીવનનું સર્વવ્યાપી આકાશ ખુલ્લું થશે. અને સત્ય સ્વરૂપ દેખાતાં પુરુષાર્થમય જીવનની કિંમત સમજાશે. મૃત્યુનો ભય પણ લગારે રહેશે નહિ. તે વખતે મૃત્યુને આપણે 'સત્કાર કરવા લાયક અતિથિ' ગણશું. પણ તે ક્યારે? સ્વાર્થ ત્યાગની ભાવનાથી પુરુષાર્થમય જીવન વ્યતીત કર્યું હશે અને એ ભાવનાનું સતત પોષણ કરી જીવનમાં તે ઓતપ્રોત થઇ હશે ત્યારે જ સમજાશે કે પ્રાણ-વિયોગે મૃત્યુ છતાં અમરપણું છે. એક વિદ્વાન કહે છે કે—

"Aim of civilization is to tame the beast in man."

ઉત્ક્રાંતિક્રમનું લક્ષ્યબિંદુ પશુજીવનને માનવજીવનમાં કેળવવાનું છે.

## —: ભેટ પુસ્તક માટે વિજ્ઞપ્તિ :—

શ્રી આત્માનંદ પ્રકાશનું ભેટનું પુસ્તક પ. પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ) મહારાજ શ્રી વિરચિત 'ચાર સાધન' તૈયાર છે. ત્રીસ પૈસાની ટીકીટો મોકલીને જે સભ્ય સાહેબોએ હજી સુધી ન મંગાવેલ હોય તેમને મંગાવી લેવા વિનંતી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની જીવન ઝરમર

લેખક :—મુનિશ્રી ન્યાયવિજયજી

(કાર્તિક પૂર્ણિમા ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યજીની જન્મતિથિ છે. તેઓશ્રીની જન્મજયંતિ અનુલક્ષીને અહીં તેઓશ્રીના જીવનના કેટલાક પ્રસંગો આપવામાં આવ્યા છે.)

એક વાર શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજ જૈન પાંડવ ચરિત્રના વ્યાખ્યાનો વાંચી રહ્યા હતા. અંતે પ્રસંગ આવ્યો કે પાંડવો શ્રી સિદ્ધાચલજી ઉપર મોક્ષે પધાર્યા હતા. બ્રાહ્મણોએ એની સામે વિરોધ ઉઠાવ્યો. અને રાજાને (સિદ્ધરાજને) કહ્યું કે-મહાભારતના આધારે વસ્તુ લઈને જૈનાચાર્યે પાંડવોને દીક્ષા અને મોક્ષ જણાવ્યાં છે પણ તે વાસ્તવિક નથી. પાંડવો તો કેદારજી ગયા છે અને તેઓ જિનવરેંદ્ર દેવના ઉપાસક નહિ કિન્તુ શંભુ મહાદેવજીના ઉપાસક હતા માટે જૈનાચાર્યનું કથન સત્ય નથી.

સિદ્ધરાજે આ સંબંધી શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજ પાસે ખુલાસો માગ્યો.

શ્રી હેમચંદ્રાચાર્યજીએ કહ્યું કે સાંભળો—

"મહાભારતનું યુદ્ધ કરતાં ગંગાપુત્ર ભીષ્મ પિતાએ પોતાના પરિવારને કહ્યું કે, 'મારા મૃત્યુ પછી મારો અગ્નિદાહ એવે ઠેકાણે કરજો જ્યાં પૂર્વે કોઈને બાળવામાં આવ્યાં ન હોય.' તેમના કુટુંબીઓએ આ વાત માની લીધી. તેમના મૃત્યુ પછી બધે તપાસ કરી પણ આખરે કોઈ સ્થાન એવું ન મળવાથી હિમાલયના શિખરે ગયા. ત્યાં કોઈને યે આ પહેલાં બાળવામાં નહિ આવ્યા હોય એમ તેમનું માનવું હતું. જ્યાં અગ્નિ સંસ્કારની તૈયારી કરી ત્યાં તો આકાશમાંથી દૈવી વાણી થઇ :—

अत्र भीष्मशतं दग्धं पांडवानां शतत्रयम् ।
द्रोणाचार्यसहस्रं तु कर्णसंख्या न विद्यते ॥ १ ॥

આ સ્થળે એક સો ભીષ્મ, ત્રણસો પાંડવો, હજાર દ્રોણાચાર્ય અને અસંખ્ય કર્ણોને પૂર્વે દગ્ધ કરવામાં આવ્યા છે.

હવે આટલા બધા પાંડવોમાંથી શ્રી નેમિનાથજીના સમયે તેમના ઉપદેશથી દીક્ષા લઇ કોઈ પાંડવો મોક્ષે ગયા છે એમ શાસ્ત્રો માને છે તેમાં ખોટું શું છે?

રાજા અને બ્રાહ્મણો આ વાત સમજીને મૌન રહ્યા.

× × × × ×

એક વાર આલીગ નામના પંડિતે અભિમાનમાં આવી જઈ સૂરિજીને પૂછ્યું, આપનો જૈન ધર્મ તો ત્યાગપ્રધાન છે પરંતુ એમાં એક ન્યૂનતા છે, કે વ્યાખ્યાનમાં સ્ત્રીઓ સુંદર વસ્ત્રો પરિધાન કરીને આવે છે; બીજું ભલે તમે નિર્દોષ આહાર કરતાં હો પરંતુ દૂધ દહીં વગેરે પદાર્થો વિકારજનક હોવાથી તમે કઇ રીતે શુદ્ધ બ્રહ્મચર્ય પાળી શકો છો. જૂઓ સાંભળો—

विश्वामित्रपराशरप्रभृतयो ये चांबुपत्राशना
स्तेपि स्त्रीमुखपंकजं सललितं दृष्ट्वैव मोहं गताः ।
आहारं सुघृतं पयोदधियुतं ये भुंजते मानवा
स्तेषामिन्द्रियनिग्रहो यदि भवेद् विन्ध्यः प्लवेत् सागरे ॥

વિશ્વામિત્ર અને પરાશર વગેરે ઋષિઓ કે જેઓ માત્ર જળ અને પાંદડાંનું ભોજન કરતા તેઓ પણ સ્ત્રીના વિલાસયુકત મુખને જોતાં જ મોહમૂઢ બની ગયા, તો જે મનુષ્યો ઘૃત, દૂધ, દહીં સહિત સ્નિગ્ધ ભોજન કરતા, અને તે મનુષ્યો યદિ ઇંદ્રિયનિગ્રહ કરી શકતા હોય તો સમુદ્રમાં વિંધ્યાચલ ડુબી ગયો તેના જેવું (આશ્ચર્ય) થાય.

આનો ઉત્તર હેમચંદ્રસૂરિજી મહારાજે એવો સરસ આપ્યો છે કે તે વિદ્વાનને ફરી શંકા કરવાનો કે પૂછવાનો અવસર જ ન રહ્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

" सिंहो बली हरिणशूकरमांसभोजी,
संवत्सरेण रतिमेति किलैकवारम् ।
पारावतः खरशिलाकणभोजनेऽपि,
कामी भवत्यनुदिनं बत कोऽत्र हेतुः ॥ "

બલવાન સિંહ, હરણાં અને ડુક્કરનું માંસ ખાવા છતાંયે વરસમાં એક વાર રતિસુખ ભોગવે છે. જ્યારે કબુતર સુકા ધાન્ય (કાંકરા) ખાનારો છે છતાં પ્રતિદિન કામી બને છે. બોલો તેમાં શું કારણ હશે?

આ સાંભળી રાજા અને સભાજનો અતીવ પ્રમોદ પામ્યા.

× × ×

આવી જ રીતે એકવાર વિશ્વેશ્વર નામના કવિએ શ્રી હેમચંદ્રાચાર્યજીની મશ્કરી કરતાં કહ્યું.

પ્રસંગ એવો છે કે શ્રી હેમચંદ્રાચાર્ય જૈન સાધુઓના આચાર મુજબ ખંભે કાંમળી નાંખી, હાથમાં ડાંડો રાખ્યો અને બરાબર ઈર્યાસમિતિ પાળતા આવતા હતા. ત્યાં રસ્તામાં જ વિશ્વેશ્વર પંડિત મળ્યા અને કંઈક ઇર્ષ્યા અને કંઈક હાસ્યથી વ્યંગમાં બોલ્યા.

" पातु वो हेमगोपालकः कम्बलं दंडमुद्वहन् "

કામળો અને દંડ (ડંડો) ધારણ કરતા હેમચંદ્ર (ગોવાળીયો) તમારી રક્ષા કરો.

(અર્થાત્ ખંભે કામળો અને હાથમાં મોટો ડંડો લઈને આવતા આ ગોવાળિયા જેવા આચાર્ય આવે છે.)

શ્રી હેમચંદ્રાચાર્યજીએ એનો સુંદર જવાબ આપ્યો

" षड्दर्शनपशुग्रामम् चारयन् जैनगोचरे "

**ભાવાર્થ**—ભાઈ! તારી વાત તો યથાર્થ છે આ ગોવાળ બીજા કરતાં જુદો છે. ષડ્દર્શનરૂપી જુદાં જુદાં પશુઓને જૈન દર્શનરૂપી ખેતરમાં એ બધાને ચરાવી રહ્યો છે. અર્થાત્ બીજા છએ દર્શનવાળા એકાંત પક્ષ લઈ જુદા જુદા માર્ગો પ્રરૂપે છે, જ્યારે હું તો નયવાદથી બધાને ગુંથી-એકઠા કરી એક ખેતરમાં સાથે ચરાવું છું. જૈન દર્શનના સ્યાદ્વાદથી બધાને એકઠા કરું છું. આ સાંભળી પંડિતજી ચૂપ થઈ ગયા.[1]

× × ×

શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજ સાથે મહારાજા સિદ્ધરાજે સિદ્ધાચલજીની યાત્રા કરી, ત્યાંની પૂજાને માટે બાર ગામ આપ્યા અને પછી ગિરનારજી પણ સાથે જ આવ્યા. સજ્જન મંત્રીએ કરાવેલ તીર્થોદ્ધાર નિહાળ્યો. તીર્થપતિનાં દર્શન પૂજન કરી નીચે ઉતર્યા અને પછી રાજાએ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજને કહ્યું પ્રભાસ પાટણ પધારો. ત્યાં શિવાલયમાં મહારાજને જવું પડ્યું, પરંતુ સ્તુતિ કરતાં જે શ્લોક બોલ્યા એ તો બહુ જ સુંદર હતો.

यत्र तत्र समये यथा तथा
यो सिसोस्यभिधया यया तया
वीतदोषकलुषः स चेद्
भवानेक एव भगवन्नमोऽस्तु ते "

ગમે તે સમય (શાસ્ત્ર)માં ગમે તે રીતે અને ગમે તે નામથી જો તમે દોષ (અષ્ટાદશ)ની કલુષીતતાથી રહિત હો તો ભગવાન તમે એક જ છો માટે તમને નમસ્કાર હો.

× × ×

આવો જ બીજો પણ પ્રસંગ ઉપલબ્ધ છે. પ્રભાસ-પાટણના શિવાલયના જીર્ણોદ્ધારની જરૂર પડી પ્રભાસ-પાટણના પૂજારીઓ આવ્યા. રાજાએ તેમના કહેવાથી જીર્ણોદ્ધારનું સ્વીકાર્યું. આ વખતે અવસર જોઈ શ્રી હેમચંદ્રાચાર્યજીએ રાજાને કહ્યું: 'આવું મોટું કામ નિર્વિઘ્ને પૂરું થાય માટે કંઈક પ્રતિજ્ઞા વ્રત લ્યો. મંદિરનું કામ સંપૂર્ણ થાય ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળવું અને તેમ ન બની શકે તો માંસાહારનો ત્યાગ કરવો.' આ વસ્તુ શાસ્ત્રીય પ્રમાણોથી સુંદર રીતે સમજાવી. રાજાએ પણ પ્રતિજ્ઞા કરી કે મંદિર બની જાય ત્યાં સુધી માંસાહારનો ત્યાગ કરવો. મંદિર સંપૂર્ણ થયાના સમાચાર આવ્યા. રાજાએ સૂરિજી મહારાજને કહ્યું કે મંદિર પૂર્ણ થયું છે હવે મ્હારી માંસાહારની પ્રતિજ્ઞા છૂટી થઈ.

સૂરિજી મહારાજે કહ્યું 'એમ નહિ, ત્યાં જઈ યાત્રા કરી પછી વ્રત મૂકવું.' રાજા આ સાંભળી ખૂબ જ પ્રસન્ન થયો.

પરંતુ એક તેજોદ્વેષી પુરોહિતે કહ્યું 'મહારાજ! આ જૈનાચાર્યજી તો આપને સારું સારું મનાવવા જ

1. કુમારપાળ પ્રબંધમાં દેવીબોધી નામના સંન્યાસીએ આ શ્લોક કહ્યાનું જણાવ્યું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આમ કહે છે. બાકી એ તો જૈન ધર્મ સિવાયના ધર્મને મિથ્યાત્વ કહે છે. અને જો તે મહાદેવજીને માનતા જ હોય તો આવે આપણી સાથે પ્રભાસ પાટણની યાત્રા કરવા. આપ વિનંતિ કરો, પરન્તુ તેઓ કદીયે આપની આ વિનંતી નહિ સ્વીકારે.'

બીજે દિવસે મહારાજ કુમારપાલે સૂરિજી મહારાજને વિનંતી કરી કહ્યું-ગુરુદેવ, પ્રભાસપાટણ પધારો. સૂરિજી મહારાજ પણ વસ્તુ સ્થિતિ સમજી ગયા. અને કહ્યું ઘણા જ ખુશીથી. ચાલો, હું અહીંથી સિદ્ધગિરિની યાત્રા કરી, રૈવત ચાલની યાત્રા કરી બરાબર સમય પર પ્રભાસપાટણ આવી પહોંચીશ.

સૂરિજી મહારાજ તો સિદ્ધાચલજીની યાત્રા કરીને રૈવતાચલ પધાર્યા.

રાજાએ પ્રભાસપાટણ આવી સૂરિજી મહારાજની તપાસ કરી કે હજી સૂરિજી મહારાજ કેમ પધાર્યા નથી.

એક કહ્યું—મહારાજા ! એ આચાર્ય તો અહીં આવતા રસ્તામાં જ સમુદ્રમાં ડુબી ગયા.

રાજાને આ સાંભળી પારાવાર દુઃખ થયું, પરંતુ બરાબર નગરપ્રવેશોત્સવ સમયે પોતાના શિષ્ય પરિવાર સહિત શ્રી હેમચંદ્રાચાર્યજી પધાર્યા. રાજા સૂરિજી મહારાજને જોઇ અતિ પ્રસન્ન થયા. પછી બધા શિવાલયમાં ગયા. રાજાના આગ્રહથી યથાર્થ મહાદેવ-ગુણનિષ્પન્નદેવની સ્તુતિ કરતાં સૂરિજી મહારાજ બોલ્યા.

**भवबीजांकुरजनना रागाद्याः क्षयमुपागता यस्य**
**स ब्रह्मा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥**

સંસારરૂપી બીજનાં અંકુરને ઉત્પન્ન કરનારા રાગાદિ જેના ક્ષય પામ્યા છે, એવા બ્રહ્મા હો, વિષ્ણુ હો, શિવ હો કે તીર્થંકર હો તેને મારો-નમસ્કાર થાઓ.

આવી ગુણભરપૂર સ્તુતિ સાંભળી બ્રાહ્મણ પંડિતો મૌન જ રહ્યા. મહારાજા કુમારપાલ બહુ જ પ્રસન્ન થયા અને બોલ્યા,

ગુરુદેવ ! અહીં સોમેશ્વર દેવ હાજર છે, આપ જેવા મહર્ષિ મહાત્મા વિદ્યમાન છે, મારા જેવો તત્ત્વનો અર્થી-મુમુક્ષુ અહીં વિદ્યમાન છે; આ ત્રિવેણીનો સંગમ થયો છે; તો મને શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મનાં તત્ત્વ સમજાવો અને સાચું શું છે ? તે કહો. હું સ્થિરચિત્તે આ તત્ત્વત્રયીની આરાધના કરી મારા આત્માને સંસારસમુદ્રથી તારૂં. વળી આપ જેવા ગુરૂદેવ મળ્યા છતાં પણ યદિ તત્ત્વનો સંદેહ રહે તો સૂર્યોદય થયા છતાં પણ વસ્તુ ન દેખાઈ, અને ચિંતામણિ મળ્યા છતાં પણ દરિદ્રી રહ્યા જેવું થશે.

શ્રી આચાર્ય મહારાજે રાજાની સાચી જિજ્ઞાસાવૃત્તિ પારખીને કહ્યું. રાજન્ ! તમે બરાસનો ધૂપ કર્યે જાઓ, હું મંત્ર ભણું છું. બન્ને જણ ગભારામાં રહ્યા. મધ્યરાત્રિએ મહાદેવજીના લિંગ (૫ડી)માંથી તેજ નીકળ્યું, તેમાંથી ગંગા, જટા, ચંદ્રકળા અને ત્રિનેત્ર ઇત્યાદિ ઉપલક્ષણ યુકત શંકર નીકળ્યા, તે દેખી સૂરિજી મહારાજે રાજાને કહ્યું, તમે એમને ધર્મતત્વ પૂછી જુઓ. રાજાએ વિનયથી નમસ્કાર કરી યથાર્થ ધર્મ તત્ત્વ શું છે-કયું છે ? તે પૂછ્યું. સાક્ષાત્ મહાદેવજી બોલ્યા, અને અંતમાં કહ્યું—"હે રાજન્ ! હે કુમારપાલ ! જો તું મોક્ષ અને મોક્ષ આપનાર ધર્મની ઇચ્છા રાખતો હો, તો હાલમાં પૃથ્વીમાં સર્વ દેવના અવતારરૂપ નિષ્કપટપણે પરબ્રહ્મને જાણનાર, બાળપણથી સંયમધારી, સ્વપરમતના સર્વ શાસ્ત્રના પારગામી અને બ્રહ્માના જેવા આ હેમાચાર્ય જયવંત વર્તે છે. તેમના મુખથી તને ઈષ્ટ તત્ત્વની-શુદ્ધિ ધર્મતત્ત્વની પ્રાપ્તિ થશે." આમ બોલી શંકરજી અદૃશ્ય થયા. રાજા કુમારપાલ ગુરૂદેવને પગે પડી કહે છે કે, આજથી આપ જ મારા દેવ, ગુરૂ, માતા-પિતા છો. બીજું કોઈ નથી. પૂર્વે જીવત દાનથી આ લોક આપ્યો હતો, હવે ધર્મોપદેશથી પરલોક આપો. બસ !

રાજા કુમારપાલે માંસાહારનો સર્વથા ત્યાગ કર્યો, અભક્ષ્યનો ત્યાગ કર્યો અને સત્ય ધર્મ ઉપર તેની વધુ ને વધુ પૂર્ણ શ્રદ્ધા દૃઢ થઈ. પછી તો સૂરિજી મહારાજને ઉત્સવપૂર્વક પાટણ પધરાવ્યા. નિરંતર ધર્મદેશના સાંભળવા અને શુદ્ધ જૈન ધર્મની આરાધના કરવા લાગ્યા.

× × × ×

એક વાર વિદ્વાનોની સભા મળી છે, દેશ દેશના પંડિતો આવ્યા છે. ધર્મતત્વની ચર્ચા ચાલી છે. બધાએ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંડિતોએ પોતાના ધર્મતત્ત્વની સત્યતા સાબિત કરવા પ્રયત્ન કર્યો, યુકિત, તર્ક, દલીલોનો ધોધમાર વાણીપ્રવાહ વહાવ્યો. રાજા સિદ્ધરાજ આ વિતંડાથી–વાણીવિલાસથી કંટાળ્યો. એને એમ થયું કે આ વાણીવિલાસમાં તે ધર્મ કયાંથી ઉપલબ્ધ થાય? છેવટે એણે જૈનાચાર્ય શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજને વિનમ્રભાવે પૂછ્યું–મહારાજ ધર્મતત્ત્વ કયાં છે ?

સૂરિજી મહારાજે **"ચારી સંજીવની ન્યાય"** [1]દૃષ્ટાંતપુર:સર સમજાવી રાજાને કહ્યું જે ધર્મ આચરવાથી આત્માની શુદ્ધિ થાય, જે ધર્મ આરાધવાથી ષડ્‌રિપુનો પરાજય થાય, જે ધર્મની ઉપાસનાથી દયા, પ્રેમ-સ્નેહ વધે, ન્યાય નીતિ સદાચાર વધે, અને જે ધર્મ આરાધવાથી આપણા રાગ, દ્વેષ, મોહ, મમત્વ ઓછાં થાય, કર્મ ક્ષય થાય એ સત્ય ધર્મ છે. એવા ધર્મતત્ત્વની પ્રાણી માત્રે સદાયે ઉપાસના કરવી જ જોઈએ. સાચો આત્મધર્મ એનું નામ છે, આનાથી પ્રાણી માત્ર પ્રતિ દયા, ક્ષમા, મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય જીવનમાં પ્રગટે છે. રાજન્ ! આવો ઉત્તમ આત્મધર્મ કોણ ન પાળે ?

સિદ્ધરાજ ત્યાર પછી શ્રી હેમચંદ્રાચાર્યજીનો પરમ અનુરાગી બન્યો. અને જૈન ધર્મ ઉપર પણ તેને બહુમાન વધ્યું.

× × ×

એક વાર મહારાજા કુમારપાલ પંડિતોની સભા ભરીને બેઠા છે ત્યાં એક વિદ્વાને કહ્યું–મહારાજા, આ જૈનાચાર્ય આપણા વિશ્વમાન્ય સૂર્યદેવને નથી માનતા.

રાજા પૂ. આચાર્ય મહારાજની સામે જુએ છે. સૂરિજીમહારાજ હસીને જવાબ આપે છે–રાજન્ ! જૈનો સહસ્રરશ્મિ, સવિતા નારાયણને સમકિતી દેવ માને છે. બીજું જૈનો જેટલા સૂર્યના સાચા ઉપાસક સંસારમાં કોઈ નથી એમ કહું તો ચાલે. જુઓ, જેને આ પંડિતો સૂર્યદેવ માને છે તેના અસ્ત પછી અમે જૈન સાધુઓ કદી પણ મોઢામાં અન્ન કે પાણી નથી નાખતા. રાત્રે અમારા આચાર મુજબ પાણીનું ટીપુયે નહિં નાંખવાનું. જૈન ધર્મનો પણ એ જ ઉપદેશ છે કે દરેક જૈને રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

પ્રાત:કાલમાં પણ સૂર્યોદય પછી બે ઘડી સુધી અમે મોઢામાં પાણીનું ટીપુંયે નથી નાંખતા.

આ સૂર્યદેવના ઉપાસકોને પૂછો કે સૂર્ય ગ્રહણ થાય છે ત્યારે તો તમે ભોજન-પાણી નથી કરતા તો આ જ સૂર્યદેવ અસ્ત થાય છે ત્યારે રાત્રે ભોજન કેમ કરો છો ? અને પુરાણમાં લખ્યું પણ છે કે—

"अस्तंगते दिवानाथे आपो रुधिरमुच्यते ।
अन्नं मांससमं प्रोक्तं मार्कंडेन महर्षिणा ॥"

તેમજ સ્કંદપુરાણમાં સૂર્યની સ્તુતિ કરતાં લખ્યું છે કે "તારો અસ્ત થયા પછી પાણી લેવું તે રુધિર બરાબર છે. તારા કિરણોથી સ્પર્શ થયેલું પાણી જ પવિત્રતા પામે છે." વગેરે તો મહાનુભાવો સાચા સૂર્યોપાસક બની રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કરો. પાણી પીવાનો પણ સૂર્યાસ્ત પછી ત્યાગ કરો તો તો તમને સૂર્યના સાચા ઉપાસક કહી શકીએ, બાકી તો ઠીક જ છે.

આક્ષેપ કરનારને મૌન જ રહેવું પડયું.

× × ×

આચાર્યશ્રીએ એક વખત સાચા વૈષ્ણવ સંબંધમાં કહ્યું કે જુઓ, વિષ્ણુની સાચી આજ્ઞા માને; તેમની આજ્ઞા પ્રમાણે ચાલે તે સાચા વૈષ્ણવ કહેવાય. હવે ગીતાજીમાં વિષ્ણુજીએ કહ્યું છે કે "હે અર્જુન ! હું પૃથ્વીમાં છું, અગ્નિમાં છું, જળમાં છું, વનસ્પતિમાં અને યાવત્ સર્વ જીવો-ભૂતોમાં વ્યાપક છું. જે મને સર્વવ્યાપક જાણીને કદાપિ હિંસા કરતો નથી તેમનો હું નાશ કરતો નથી અને તેઓ માગે નાશ કરતો નથી.

અર્થાત્ સર્વ પ્રાણી-જીવ માત્ર ઉપર દયા, અહિંસા પાલનાર સાચો વૈષ્ણવ છે. જ્યારે સર્વત્ર વિષ્ણુ છે પછી જે જીવ બીજાની હિંસા કરે છે, દુ:ખ આપે છે, ત્રાસ આપે છે, સતાવે છે, દ્વેષ અને ઇર્ષ્યા રાખે છે એ જીવ વિષ્ણુની હિંસા કરે છે, એને જ દુ:ખ, ત્રાસ વિગેરે આપે છે માટે જૈન સાધુઓ પરમ અહિંસક હોવાથી ( કોઇપણ જીવની મન, વચન કે કાયાથી કદી હિંસા કરતા નથી ) સાચા વૈષ્ણવ પદને યોગ્ય છે.

૧. દૃષ્ટાન્ત પ્રસિદ્ધ હોવાથી મેં અહીં નથી આપ્યું. બાકી આ દૃષ્ટાન્તમાં શ્રી હેમચંદ્રાચાર્યજીની પ્રતિભા કેવા ચમકે છે એ જ જોવાનું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હજી આગળ જુઓ. વિષ્ણુ પુરાણના તૃતીય અંશમાં સાતમા અધ્યાયમાં પરાશર કહે છે.

"યાગ કરનાર વિષ્ણુનો યાગ કરે છે, જાપ કરનાર તેને જપે છે, બીજાની હિંસા કરનાર તેને હણે છે કારણ કે વિષ્ણુ સર્વવ્યાપક છે."

"હે રાજન્! જે પુરુષ પરદાર, પરદ્રવ્ય અને પરહિંસામાં મતિ કરતા નથી અને જેમનું મન રાગાદિ દોષથી દુષિત નથી તેમનાથી જ વિષ્ણુ નિરંતર તુષ્ટમાન રહે છે.

વળી યમકિંકરસંવાદમાં યમે કહ્યું છે કે—

"જે આત્મધર્મથી ચલાયમાન નથી થતા, જે મિત્ર અને શત્રુ પર સમભાવ રાખે છે અને જે કોઈનું કાંઈ પણ હરતા નથી (ચોરી નથી કરતા) અથવા કોઈને હણતા નથી, કોઈના પ્રાણ નથી લેતા તેમને જ 'સ્થિર મનવાળા અત્યંત વિષ્ણુભક્ત જાણવા' અર્થાત્ ઉપર્યુક્ત ગુણસંપન્ન સ્થિર (દૃઢ) મનથી વિષ્ણુનો પરમ ભક્ત છે એમ જાણવું.

જેમની બુદ્ધિ નિર્મલ-શુદ્ધ છે, જેમનામાં મત્સર (ઈર્ષ્યા) નથી, જેમનો સ્વભાવ શાંત છે, પવિત્ર ચરિત્ર છે, જે સર્વ ભૂતો પર (જીવો પર) મિત્રભાવ રાખે છે, જેમનું વચન પ્રિયકર અને હિતકારી છે, અને જેમનામાં માન તથા માયાનો લેશ પણ નથી તેમના હૃદયમાં વિષ્ણુ સદાય વસે છે.

સ્ફટિકરત્ન શિલા જેવા નિર્મલ વિષ્ણુ ક્યાં અને અને માણસોમાં રહેલ મત્સરાદિ દોષો ક્યાં? રાજન્! ચંદ્રમામાં તાપ ક્યાંથી હોય?

હિરણ્યકશ્યપ પોતાના પિતા આગળ વિષ્ણુસ્વરૂપ વર્ણવતાં કહે છે "વિષ્ણુ પૃથ્વીમાં છે, પાણીમાં છે, ચંદ્રમામાં છે, સૂર્યમાં છે, અગ્નિમાં, દિશામાં, વિદિશામાં, વાયુમાં, આકાશમાં, તિર્યંચમાં, અતિર્યંચમાં, અંતરમાં, બાહ્યમાં, સત્યમાં, તપમાં, સારમાં, અસારમાં સર્વત્ર છે. છે. સદા છે. વધારે બોલવાથી શું? તારામાં અને મારામાં પણ છે."

માટે હે રાજન્ સર્વ પ્રકારે જીવની રક્ષા કરનાર જૈન મુનિઓ જ તત્વવૃત્તિથી વૈષ્ણુવ છે, પરંતુ જે આથી વિપરીત છે, હિંસા વગેરે કરે છે તે બ્રાહ્મણો ખરા વૈષ્ણુવ નથી. પરમાર્થથી ખરા વિષ્ણુ પણ એ જ છે જે જન્મમરણથી રહિત હોય, નિત્ય ચિદાનંદમય જ્ઞાન આત્માવડે સર્વત્ર વ્યાપી રહેલ છે તે આ પ્રકારના નિરૂપણથી ખરી રીતે શ્રી તીર્થંકર ભગવાન તે જ વિષ્ણુ છે, અને તેના ભક્તની અવશ્ય મુક્તિ થાય છે.

આમ યથાર્થ વિષ્ણુ એ જિનદેવ છે અને પરમ વૈષ્ણુવ એ જૈન સાધુઓ ઘટે છે તેનું સુંદર નિરૂપણ કરી જીવ બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા ભેદથી ત્રણ પ્રકારે છે એમ પ્રબોધે છે. આ સાંભળી મહારાજા કુમારપાલ, સભાજનો અને પંડિતો પ્રસન્ન થાય છે.

× × ×

વળી એક વાર એક પંડિતે મહારાજા કુમારપાલને કહ્યું: "રાજન્! આ જૈનાચાર્ય વેદને નથી માનતા માટે વંદનીય નથી."

રાજાએ સૂરિજી મહારાજ સામે જોયું. સૂરિજી મહારાજ હસીને બોલ્યા, સાંભળો—

"હે રાજન્! જે વેદો છે તે તો કર્મમાર્ગની પ્રવૃત્તિ કરનારા (કર્મમાર્ગના ઉપદેષ્ટા છે). અમે જૈનો નિષ્કર્મ માર્ગનું અનુકરણ કરનારા છીએ, માટે અમને વેદોનું પ્રામાણ્ય ક્યાંથી ઘટે?

વળી આ માટે જુઓ ઉત્તરમીમાંસાનો-વેદા અવેદા લોકા અલોકા, વિદ્યા અવિદ્યાઃ આ પાઠ.

રૂચી પ્રજાપાતસ્તોત્રમાં પણ પુત્રે કહ્યું છે કે-"હે કર્મમાર્ગી પિતા, મહાવેદોમાં તો કુવિદ્યા ભણાવાય છે, માટે તમે મને કર્મમાર્ગનો ઉપદેશ કેમ કરો છો?

વળી જો વેદોમાં જીવદયાનું યથાર્થ પ્રરૂપણ હોય તો પછી સર્વશાસ્ત્રસંમત પવિત્ર જીવદયાને પાળનાર શી રીતે વેદબાહ્ય થાય? અર્થાત્ વેદોમાં હિંસાનું વિધાન કે પ્રતિપાદન નથી અને અહિંસાનું વિધાન અને પ્રતિપાદન છે તો પછી અહિંસા ધર્મને પાળનારને કેમ વેદબાહ્ય કહેવાય?

દરેક શાસ્ત્રોમાં અહિંસા-જીવદયા 'અહિંસા પરમો ધર્મઃ' આવા ઉલ્લેખો મળે છે એ પ્રસિદ્ધ છે માટે જે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મમાં અહિંસાનું-જીવદયાનું પ્રરૂપણ ન હોય તે ધર્મનો ત્યાગ કરવો એમાં જ શ્રેય છે. સજ્જન-ઉત્તમ પુરુષો જીવદયાના વિધાન કે પ્રરૂપણ સિવાયના ધર્મને ધર્મ કહી શકે? જુઓ કહ્યું છે કે—

'જેટલું ફળ જીવદયાથી થાય છે, તેટલું સર્વ વેદો, સર્વ યજ્ઞો અને સર્વ અભિષેકો આપી શકતા નથી.'

પ્રાણીવધ વિના વર્તમાન વેદોમાં યજ્ઞ થતો નથી, માટે યજ્ઞ અહિંસક ન કહેવાય. દયા યજ્ઞ તો તે જ કહેવાય જેમાં પ્રાણી વધનો નિષેધ હોય. વેદમાં દયા નથી પછી તે કેમ માન્ય કરી શકાય? કહ્યું છે કે "જ્યાં જ્યાં જીવ છે ત્યાં ત્યાં શિવ છે, માટે શિવ અને જીવમાં ભિન્નતા નથી, તેથી કોઈ પ્રાણીની હિંસા કરવી નહિં. જીવહિંસા કરનારા પુરુષો વેદથી, દાનથી, તપથી અથવા યજ્ઞથી કોઈ પણ પ્રકારે સદ્‌ગતિ પામતા નથી."

× × ×

વળી મીમાંસામાં કહ્યું છે કે 'યજ્ઞ કરનારા ગાઢ અંધકારમાં ડૂબી મરે છે. હિંસાથી ધર્મ થતો નથી, થયો નથી અને થવાનો નથી."

આ સાંભળી પંડિતોને મૌન થવું પડ્યું.

વળી એક વાર બચાવ કરતાં કહ્યું કે-"મહારાજ, બ્રહ્માજીએ પશુઓ યજ્ઞને માટે સર્જ્યાં છે, યજ્ઞમાં થતો વધ તેમના ઐશ્વર્ય માટે છે તેથી યજ્ઞમાં થતો વધ અવધ છે. ઔષધિઓ, પશુઓ, વૃક્ષો, તિર્યંચો અને પક્ષીઓ જેનું યજ્ઞમાં મૃત્યુ થાય છે તે ઉત્કર્ષ પામે છે. માટે રાજન્! વેદવિહિત હિંસા-યજ્ઞહિંસા એ હિંસા નથી."

આનો સચોટ જવાબ શ્રી હેમચંદ્રાચાર્યજીએ આપ્યો.

"સ્કંદપુરાણના ૫૮૫ માં અધ્યાયમાં કહ્યું છે કે **'અગ્નિષ્ટો યમ'** ઈત્યાદિ પશુ વધ કરાવનારી કારિકા જ્ઞાતા જનોને (વિદ્વાનોને) પ્રમાણ નથી, તે કારિકા સત્પુરુષોને ભ્રમમાં નાખનારી છે.

વળી કહ્યું છે કે 'વૃક્ષોને છેદી, પશુઓને હણી, રુધિરનો કાદવ કરી અગ્નિમાં તેલ, ઘી વગેરે હોમી સ્વર્ગની અભિલાષા રાખવી તે આશ્ચર્યજનક છે."

વળી ભાગવત પુરાણના ૨૭મા અધ્યાયમાં શુકે કહ્યું છે કે "જે વૈદિકો દંભથી યજ્ઞમાં પશુઓને હણે છે તેમને પરલોકમાં **'વૈશસ'** નરકમાં પરમાધામીઓ યાતના (પીડા કરવા)-પૂર્વક હણે છે."

હવે કદાચ એમ માની લઈએ કે પશુઓ યજ્ઞને માટે સર્જાયા છે તો રાજાઓને પશુઓનું માંસ ખાતાં કેમ કોઈ અટકાવતું નથી? અર્થાત્ જ્યારે બ્રહ્માજીએ યજ્ઞ માટે-યજ્ઞમાં વધ માટે પશુઓ સર્જ્યાં પછી બીજાથી ખવાય જ કેમ? બીજું બ્રહ્માજીએ યજ્ઞને માટે પશુઓ બનાવ્યા છે તો આ વાઘ અને સિંહથી દેવોને તૃપ્ત કેમ કરતા નથી? અર્થાત્-યજ્ઞમાં કદીયે કોઈએ સાંભળ્યું છે કે સિંહ કે વાઘનું બલિદાન દેવાયું હોય? ત્યાં તો કહેવાયું છે કે-" **વ્યાઘ્ર નૈવ ચ નૈવ ચ અને સિંહ નૈવ ચ નૈવ ચ**" એટલે આ તો માત્ર રસનેંદ્રિયનાં લોલુપીઓએ જ યજ્ઞને નામે હિંસાનું વિધાન કરી વેદને અને યજ્ઞને કલંકિત જ કર્યાં છે.

સાચો યજ્ઞ તો અહિંસા, સંયમ અને તપનો છે. કહ્યું છે કે-**અહિંસા પરમો ધર્મઃ** સમાન કોઈ મહાન યજ્ઞ નથી.

મહાભારતમાં પણ કહ્યું છે કે-"ત્રિવેણીના સંગમ-સ્થાન ઉપર સોનાનાં શીંગડાથી મઢેલી હજાર ગાયોનું દાન આપે અને એક જીવને અભયદાન આપે તો અભય-દાનનું પુણ્ય વધે છે."

હવે કોઈ એમ કહેતું હોય કે યજ્ઞમાં હોમાયેલ પશુની સદ્‌ગતિ થાય છે તો એનો જવાબ સાંભળો.

"એક વાર યજ્ઞ માટે આણેલો બકરો બહુ જ બેં બેં બેં કરી રડતો હતો. આ જોઈ ધારાના ભોજ-રાજે પોતાના પંડિત ધનપાલને પૂછ્યુંઃ આ બકરો શું કહે છે? ત્યારે ધનપાલ પંડિત બોલ્યા—

હું સ્વર્ગ ફળનો ઉપભોગ કરવા નથી ઈચ્છતો; તેમ મેં એવી તમારી પાસે પ્રાર્થના પણ નથી કરી. હું તો તૃણ ભક્ષણ કરી નિરંતર સંતુષ્ટ રહું છું, માટે હે ઉત્તમ પુરુષો, મારો વધ કરવો એ તમને ઉચિત નથી. વળી જો યજ્ઞમાં હોમેલા પ્રાણીઓ અવશ્ય સ્વર્ગે જ જાય છે તો તમે તમારા માતા, પિતા, પુત્ર અને બાંધવોનો હોમ યજ્ઞમાં કેમ નથી કરતા?

(કારણ કે એથી એ જલ્દી સ્વર્ગે જશે.)"

આ જવાબ સાંભળી બ્રાહ્મણ પંડિતોને ચૂપ જ થઈ જવું પડ્યું. સંચિત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ....શ્રી આત્માનંદ પ્રકાશ....

( માસિક )

શ્રી આત્માનંદ પ્રકાશ માસિક ૬૪ વર્ષથી નિયમિત આ સભા તરફથી પ્રગટ થાય છે તેમાં નૈતિક, ધાર્મિક, ઐતિહાસિક, આધ્યાત્મિક વગેરે અનેક વિષયોના વિદ્વાન લેખકોના સુંદર લેખો દર માસે આવે છે જે વાંચવા અને મનન કરવા જેવા હોય છે.

હજુ સુધી છાપકામની વધતી જતી સખ્ત મોંઘવારી છતાં ખર્ચની દરકાર ન કરતા ઊચ્ચ કોટિનું સાહિત્ય પૂરું પાડવા ખાસ લક્ષ આપવામાં આવે છે.

શ્રી આત્માનંદ પ્રકાશ માસિકનો જૈન સમાજ, લાઇબ્રેરીઓ, વિદ્યાલયો, ગૃહસ્થો વગેરે છૂટથી લાભ લઇ શકે તે માટે તેનું વાર્ષિક લવાજમ માત્ર રૂા. ૫-૦ (પોસ્ટેજ સહિત) રાખવામાં આવેલ છે, જેથી આપશ્રી આ માસિકના ગ્રાહક ન હો તો પહેલી તકે આપનું નામ ગ્રાહકની શ્રેણીમાં નોંધાવી જ્ઞાનભક્તિમાં પણ આ રીતે આપનો હિસ્સો આપશો, એવી આશા રાખીએ છીએ અને આપના સ્નેહી, સંબંધીઓ, આપના હસ્તકની સંસ્થાઓ વગેરેને આ માસિકના ગ્રાહક થવા યોગ્ય પ્રેરણા કરશો એવી નમ્ર વિનંતિ પણ કરીએ છીએ.

આ માસિક સભાના મુરબ્બી (પેટ્રન) તથા આજીવન સભ્ય (લાઇફ મેમ્બર)ને ભેટ મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિનંતિ

જૈન સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રમાં આ સભા છેલ્લા ૭૦ વરસ ઉપરાંતથી પોતાનાથી બનતી સેવા કરી રહી છે.

આ સભા તરફથી શ્રી આત્માનંદ જૈન સંસ્કૃત ગ્રંથ રત્નમાળા તથા શ્રી આત્માનંદ જૈન ગુજરાતી ગ્રંથમાળા ચાલે છે અને તે દ્વારા આજ સુધીમાં લગભગ બસો કિંમતી ગ્રંથોનું સભાએ પ્રકાશન કર્યું છે. અને તેનો પ્રચાર ભારત અને ભારત બહારના દેશોમાં થયો છે. અનેક વિદ્વાનોએ આ કિંમતી પ્રકાશનોને પ્રેમપૂર્વક સત્કાર્યાં છે.

આ ઉપરાંત સભા શિક્ષણપ્રચાર અને ગુરુભક્તિ નિમિત્તે સમયોચિત સેવા કરી રહેલ છે.

સંસ્થાની આ પ્રવૃત્તિથી આકર્ષાઈને ભારત ભરના અનેક ગૃહસ્થોએ પોતાનું નામ સંસ્થાના પેટ્રન, આજીવન સભ્ય કે સભ્ય તરીકે આ સંસ્થા સાથે જોડીને પોતાનો સહકાર આપ્યો છે. સભાને માટે એ ગૌરવનો વિષય છે.

સભા હજુ આજની જરૂરિયાતને પહોંચી વળવા માટે બનતી સાહિત્યસેવા કરવા માગે છે.

આપ આ સંસ્થામાં ન જોડાયા હો તો આપને નમ્ર વિનંતિ કે સભાના પેટ્રન, આજીવન સભ્ય કે સામાન્ય સભ્ય બનીને અગરતો સભાની સાહિત્ય પ્રવૃત્તિને વેગ આપવા માટે બીજી રીતે આપનો બનતો ફાળો નોંધાવીને સભાની પ્રવૃત્તિને વેગવાન બનાવવામાં સહાયભૂત થાઓ.

સભાને આપ નીચેની રીતે સાથ આપી શકો છો–

રૂા. ૫૦૧) અગરતો વધારે આપીને સભાના આશ્રયદાતા (પેટ્રન) બનીને,

રૂા. ૧૦૧) અગર તો વધારે આપીને સભાના આજીવન સભ્ય બનીને,

અગરતો આપ સંસ્થાના વિકાસ માટે આપની વિદ્વતાનો કે અનુભવનો કે આર્થિક મદદનો યોગ્ય ફાળો આપીને.

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર**

તંત્રી અને પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર

For Private And Personal Use Only